# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૭૫ વર્ષ - ૧૫ : એપ્રિલ–૨૦૧૨

## અષાઢ સુદ ૧૦, શનિવાર તા. ૧૫-૦૭-૧૯૭૮.
## વચનામૃત–૧૦૭ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન નં–૩૮



૧૦૬ ચાલ્યો ને ? ગુજરાતી હવે ચાલશે, આ તો હિન્દી આવ્યા હતા ને !

**'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** જુઓ ! સિદ્ધાંત. વસ્તુ જે આત્મા છે એ શાશ્વત છે, ત્રિકાળી છે, ઉત્પન્ન અને ધ્વંસ વિનાની ચીજ છે, ઉત્પન્ન અને વ્યય વિનાની એ ચીજ–વસ્તુ શાશ્વત છે. આહા..હા..! એને સંયોગી ચીજ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, એક સમયની પર્યાયની દૃષ્ટિ ઉઠાવી... સૂક્ષ્મ વાત છે. શુદ્ધિધામ, શાશ્વત શુદ્ધિધામ પ્રભુ વસ્તુ પોતે એવી છે. શાશ્વત અને શુદ્ધિધામ–શુદ્ધનું સ્થળ, શુદ્ધનું સ્થાન જેમાંથી શુદ્ધિ પાકે, અતીન્દ્રિય આનંદ(નો) પાક થાય, અતીન્દ્રિય જ્ઞાન થાય એવું એ શુદ્ધિધામ આત્મા છે. આવી વાત ! આહા..હા..!

શાશ્વત ત્રિકાળી વસ્તુ છે, કાયમી ચીજ (છે). એક સમયની પર્યાય સિવાયની ચીજ રાગથી તો રહિત (છે), સંયોગના સંબંધથી તો રહિત (છે) પણ એક સમયની પર્યાયથી પણ રહિત (છે). આહા..હા..! આવું હવે એને (સમ)જાવું. શું કહે છે એ સમજવું કઠણ પડે.

એ ભગવાન શુદ્ધધામ નિત્ય પ્રભુ તું જ છો, તારી પાસે છે, તું જ છો તે. આહા..હા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** શાશ્વત, શુદ્ધિનું ધામ, શુદ્ધિ, પવિત્રતા, આનંદનું ધામ, સ્થળ... આહા..હા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** જોરદાર આત્મદ્રવ્ય, એમ કહે છે. આહા..હા..! **'તેની દૃષ્ટિ પ્રગટ થઈ...'** જો એ શાશ્વત શુદ્ધિધામ, બળવાન, આત્મ પદાર્થ, વસ્તુ ત્રિકાળ એ ઉપર દૃષ્ટિ થઈ... આહા..હા..! અંતર્મુખ શાશ્વત તત્ત્વ છે એ ઉપર દૃષ્ટિ થઈ... આહા..હા..! એનું નામ સમ્યગ્દૃષ્ટિ. ઝીણી વાત છે, આવી વાત છે. આહા..હા..! ભાઈને તો ઘણો અભ્યાસ હતો. એને તો અભ્યાસ હતો. છેલ્લે સ્થિતિ જરીક... એ તો દેહની સ્થિતિ છે. આહા..હા..! આ ચીજ..

દેહના અસ્તિત્વમાં જેનું હોવાપણું નથી, રાગના હોવાપણામાં જેનું હોવાપણું નથી, જેની એક સમયની પર્યાયમાં

હોવાપણું નથી... આહા..હા..! જેનું હોવાપણું શાશ્વત છે. આ અંદર ભગવાનઆત્માની વાત ચાલે છે, હોં ! આહા..હા..! એ શાશ્વત શુદ્ધિનું સ્થળ... આહા..હા..! એવું એ બળવાન આત્મદ્રવ્ય (છે), જેમાં અનંત અનંત વીર્ય અને બળ પડ્યું છે. આહા..હા..! એક બાજુ એમ કહેવું કે આત્મવીર્ય છે અને અનંત જે બળનું ધણી સ્વરૂપ એવું આત્મદ્રવ્ય જેણે પકડ્યું, એનું વીર્ય સ્વરૂપની રચના કરે. એક બાજુ એમ કહેવું કે વીર્ય છે એ સ્વરૂપની પર્યાયને રચે નહિ. આહા..હા..! ગહન વિષય (છે). સર્વજ્ઞ, સર્વજ્ઞ. પ્રભુ ! તું સર્વજ્ઞ છો. જે સર્વજ્ઞ થયા એ પર્યાયમાં થયા એ આવ્યા ક્યાંથી ? આહા..હા..!

અહીંયાં એ શુદ્ધિધામ શાશ્વત ઉપર દૃષ્ટિ પડતા બળવાન આત્મદ્રવ્ય હોવાથી, આહા..હા..! '**તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.**' આહા..હા..! શુદ્ધ ત્રિકાળીનો જ્યાં સ્વીકાર થયો એટલે શુદ્ધ નામ આનંદની દશા, સમ્યગ્દર્શનની દશા, શાંતિની દશા, ઈશ્વરતાની–પ્રભુતાની દશા, એ શુદ્ધતા પ્રગટે જ. આહા..હા..! આવી વાતું છે. લોકોએ બધું બહારમાં એવું કરી નાખ્યું, જાણે આ બાહ્યનો ત્યાગ કર્યો ને આ ફલાણા થઈ ગયા અમે સમકિતી ને થઈ ગયા અમે ચારિત્રવંત. આહા..હા..! ભાઈ ! બાપુ ! એ વસ્તુને કેમ કહેવી અને કેમ સમજવી એ કોઈ અલૌકિક વાત છે ! આહા..હા..!

એ શાશ્વત શુદ્ધનું ધામ–સ્થળ એના ઉપર દૃષ્ટિ થવી એ કાંઈ વાત સાધારણ છે ? એ કાંઈ વાતથી, ઉપદેશથી કાંઈ પ્રાપ્ત થાય એવી છે ? એ તો અંતરની દૃષ્ટિ કરે ત્યારે પ્રાપ્ત થાય. આહા..હા..! એવું જે બળવાન આત્મદ્રવ્ય... આહા..હા..! તેની દૃષ્ટિ પ્રગટ થતાં શુદ્ધ પર્યાય પ્રગટે જ. અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો અંશ પ્રગટે જ. એ શુદ્ધિધામ શાશ્વત બળવાન ભગવાન ઉપર દૃષ્ટિ આપતા ધર્મની વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે જ. આહા..હા..!

દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા કે પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે. રાગની શ્રદ્ધા કરવી એ તો મિથ્યાત્વ છે, રાગ મારું સ્વરૂપ છે એમ માનવું એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! પણ રાગ વિનાનું ચૈતન્ય શુદ્ધિનું સ્થળ મહા પ્રભુ, ચૈતન્ય પ્રભુ, પૂર્ણ જ્ઞાન ને આનંદથી ભરેલો. ગુણવાળો નહિ પણ અનંત ગુણથી ભરેલો પદાર્થ છે. એ ગુણ પણ શાશ્વત, દ્રવ્ય પણ શાશ્વત (છે). આહા..હા..! જેમ એ દ્રવ્ય શાશ્વત છે તેમ એની શક્તિઓ જે છે અનંત જ્ઞાન, દર્શન એ પણ શાશ્વત છે. આહા..હા..! એથી અનંત ગુણનો ધરનાર ગુણી, એના ઉપર દૃષ્ટિ થતાં શાંતિ અને આનંદ ને સમ્યગ્દર્શન અને વીતરાગી પર્યાય પ્રગટ થાય જ. આહા..હા..! ભગવાન ! આવો માર્ગ છે, પ્રભુ ! એને પોતાની મોટપ સૂઝતી નથી. મોટપ પરમાં મહિમા (લાગે છે). સંયોગોમાં ને કાં સાધન અનુકૂળ હોય ને એમ કે કાંઈક છોકરા-બોકરા રળતા શીખી જાય, સાધન સરખું થાય તો આપણને નિવૃત્તિ મળે. અરે..! ભગવાન ! શું છે તને આ ? આહા..!

તું તો રાગથી પણ નિવૃત્તસ્વરૂપ જ ત્રિકાળ છો. આહા..હા..! રાગની તો અહીં વાત નથી, શુદ્ધિનું ધામ કીધું છે એ તો. આહા..હા..! શુદ્ધનો, આનંદનો કંદ પ્રભુ છો અંદર નિત્યાનંદ દળ અને બળવાન, જોરદાર આત્મદ્રવ્ય છે. આહા..હા..! એ બળવાનનો જેણે આશ્રય લીધો, એ બળવાન ઉપર જેણે દૃષ્ટિ મૂકી અને એ દૃષ્ટિ (કે) જેણે આખા પૂર્ણને સ્વીકાર્યું એની શુદ્ધ પર્યાય પ્રગટે જ, પ્રગટે. આહા..હા..! ભાઈ ! આવી વાતું છે. સાધારણ બાયુંને તો સમજવું ભારે કઠણ પડે. અભ્યાસ નહિ એને. આહા..હા..!

'**શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.**' આહા..હા..! જેટલો અંદરમાં વિકલ્પ નામ રાગ ઉત્પન્ન થાય, ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો અરે..! પરમેશ્વર, પરમાત્માની શ્રદ્ધાનો રાગ ઉત્પન્ન થાય, પંચપરમેષ્ઠી, ગુરુ, શાસ્ત્ર એની શ્રદ્ધાનો પણ વિકલ્પ ઉત્પન્ન થાય કે આ પરમાત્મા છે, એ વિકલ્પથી.. આહા..હા..! '**વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.**' એનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને શાંતિ, વીતરાગતા પ્રગટતી નથી. આહા..હા..!

એ તો આમાં યાદ આવ્યું હતું, હમણાં પે'લું વાંચ્યું. 'શ્રીમદ્'ની પેલી કડી (હતી). 'સુખધામ અનંત

સુસંત ચહી' (આમાં) શુદ્ધિધામ આવ્યું ને ?

'શ્રીમદ્ રાજચંદ્ર' આત્મજ્ઞાની થઈ ગયા, ગૃહસ્થાશ્રમમાં હતા, એક ભવ કરીને મોક્ષ જશે. એવી શક્તિ હતી. આમ ઝવેરીનો લાખોનો ધંધો હતો પણ એ બધું પર, પર (ભાસતું હતું). આહા..હા..! દૃષ્ટિમાં તો ભગવાન પૂર્ણાનંદનો નાથ તરવરતો હતો. એ પોતે કહે છે કે અરે..! મારે કાંઈક રાગ બાકી રહ્યો લાગે છે. આહા..હા..! પૂર્ણાનંદની પૂર્ણ પ્રાપ્તિની વચ્ચે એમને જરી થોડી ડખલ લાગે છે. એ થોડો રાગ થોડો અસ્થિરતાનો, અસ્થિરતાનો છૂટતો નથી. પુરુષાર્થની કમી છે. આહા..હા..! શું આવ્યું નથી પે'લું રણનું...? રણમાં.. ભૂલી ગયા, ભાષા નથી આવતી ? મહારણ પ્રગટ થયું. ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો પણ વચમાં સહારાનું રણ (આવ્યું). ભાષા ભૂલી જવાય છે. એકદમ શુદ્ધિની દૃષ્ટિ પડી છે ને ! આહા..હા..! જેમાંથી શુદ્ધિની પૂર્ણતા પ્રગટવાની ભાવના છે છતાં સહારાનું રણ,... રણ કચ્છનું રણ છે ને ? એકલી રેતી, એકલી રેતી. પાણી નહિ, ઝાડ નહિ, પાણી પણ નહિ અને ઝાડ પણ નહિ. આહા..! અરે..! સહારાનું રણ પ્રાપ્ત થયું. પગે નિકાચિત થાક ગ્રહ્યો. આમ આવ્યું ને ? આહા..હા..!

અરે..! ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધિના ધામમાં અમે ગયા પણ સ્થિર થયા નથી, હજી સ્થિર કરી શક્યા નથી. એને લઈને 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે...' એ રાગ હજી કંઈક બાકી લાગે છે, આ છૂટતો નથી, પુરુષાર્થની કમી છે. આહા..હા..! 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ' એકાદ દેહ ધારણ કરવો પડશે હજી એમ લાગે છે. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં હતા, ભાઈ ! 'શ્રીમદ્ રાજચંદ્ર' ! 'મુંબઈ'માં ગૃહસ્થાશ્રમમાં ઝવેરાતનો ધંધો (હતો). આવ્યા ને પછી બેઠા હતા પણ છતાં અંદરમાંથી નહિ. નાળીયેરમાં જેમ ગોળો છૂટો પડી જાય. આહા..હા..! અને એ કાચલી.. શું કહેવાય છે કાચલીને ? નરેટી. તૂટીને ગોળો જુદો પડી જાય ત્યારે સિદ્ધ થઈ જાય. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ઇ કાચલીમાંથી નરેટીમાંથી છૂટો ગોળો અંદર રહે ત્યાં સુધી એને સમકિતી ને જ્ઞાની કહેવામાં આવે પણ એમાંથી પૂર્ણ તોડી નાખીને પૂર્ણ સિદ્ધ દશા પ્રાપ્ત થાય... આહા..હા..! ત્યારે એકલું પરમાત્મપદ પર્યાયમાં પ્રાપ્ત થયું. એ અહીં સહરાના રણમાં અરે..! આવ્યા, જઈ ચડ્યા છીએ.

અમે પૂર્ણાનંદના નાથમાં પહોંચી વળવા... આહા..હા..! ઘણો પ્રયાસ છે પણ પ્રયાસ અટકી ગયો છે. આહા..હા..! રાગની મંદતામાં જરી અટકી ગયો છે. આહા..હા..!

**સુખધામ અનંત સુસંત ચહી**
**દિન-રાત રહે તદ્ ધ્યાન મહી**
**પરશાન્ત અનંત સુધામય જે**
**પ્રણમું પદ તે વરતે જય તે.**

આહા..હા..! આ છેલ્લી કડી છે. દેહ છૂટવા (પહેલાની) છેલ્લી કડી. આહા..હા..! ભાઈને કહ્યું, ભાઈ ! નાની ઉંમર, ૩૩ વર્ષની ઉંમર, ૩૩ વર્ષ ને ચાર માસ. ભાઈને (કહ્યું), ભાઈ ! બાને દિલગીર થવા દઈશ નહિ. આહા..હા..! (આ) વાણી નીકળી. માતા હતા, પિતા હતા, દીકરા, વહુ–બૈરા હતા. ભાઈ ! બાને દિલગીર થવા દઈશ નહિ. હું હવે સ્વરૂપમાં સમાઉં છું. દેહ છૂટવાનો કાળ આવી ગયો છે, હું અંદર મારા સ્વરૂપમાં જાઉં છું. ખુરશી ઉપર બેઠા હતા, ઉભા થઈને, આરામ ખુરશીમાં આળોટ્યા. અતીન્દ્રિય આનંદના ધામમાં દૃષ્ટિ મુકીને લીન થયા પણ હજી પૂર્ણ સ્થિરતા થઈ નહિ. તેથી એકાદ દેહ ધારવો પડશે. આહા..હા..!

આવું જે શુદ્ધિનું ધામ પ્રભુ પરમાત્મ સ્વરૂપ જ પોતે છે. આહા..હા..! પરમ આત્મ, પરમ સ્વરૂપ, પરમ ભગવાન (છું) એવી જ્યાં દૃષ્ટિ થઈ... આહા..હા..! તો કહે છે કે શુદ્ધદશા, ધર્મદશા ત્યારે પ્રગટ થાય. ધર્મી એવું જે શુદ્ધિધામ એને અંતર સ્વીકારતા શુદ્ધ પર્યાય પ્રગટ થાય જ. પૂર્ણ આશ્રય લે તો પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય, અલ્પ આશ્રય લે તો સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પ્રગટ થાય. ભગવાન શુદ્ધિધામનો મધ્યમ આશ્રય લે તો ચારિત્ર આદિ કે (કેવળજ્ઞાન) આદિ થાય. આહા..હા..! અંતરમાં એકદમ પૂર્ણ આશ્રય થતા એકદમ

સર્વજ્ઞ થઈ જાય, સિદ્ધ થઈ જાય. આહા..હા..!

એવું જે ભગવાન આત્મદ્રવ્ય એ '**વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.**' તું ગમે તેટલી વિકલ્પવૃત્તિ કર, હું શુદ્ધ છું ને પૂર્ણ છું ને અભેદ છું ને અખંડ છું ને શુદ્ધિધામ છું ને એવી વૃત્તિ વિકલ્પ ઉઠાવ (તોપણ) એનાથી શુદ્ધિ નહિ પ્રગટે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.'** ભગવાન અનંત ગુણનું ધામ, એને જેણે દૃષ્ટિમાં લઈ લીધો, એનું જેણે આલંબન લીધું... આહા..હા..! એ એકને જેણે ગ્રહણ કર્યો એમાં બધું આવી જાય છે. એમાંથી જ્ઞાન થાય, દર્શન થાય, ચારિત્ર, આનંદ થાય, બધું થાય. આહા..હા..! એક જાણ્યો એમાં બધું આવી જશે. એને જાણ્યા વિના બધી લાખ વાતું તું જાણ, શાસ્ત્રની કે વાતું કરવાની જગતની ને... આહા..હા..! એમાંથી શુદ્ધતા નહિ આવે. આહા..હા..! અંદર પૂર્ણાનંદના નાથને એકને જેણે પકડ્યો... આહા..હા..! એમાં બધું આવી ગયું. કારણ કે એમાં તો કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ બધું પડ્યું છે. આહા..હા..!

**'દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે.'** શું કહ્યું ઇ ? વસ્તુ જે શુદ્ધિનું ધામ, સ્થળ એમાં જેની દૃષ્ટિ પડી ને એને પકડ્યું, એણે એકને જાણ્યું એમાં બધું આવી ગયું. ભગવાનઆત્મા જાણ્યો એણે બધું જાણ્યું. આહા..હા..! કેમ ? કે '**દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન...**' આ..હા..! એ દૃષ્ટિ તો થઈ ને એણે બધું પ્રગટ દૃષ્ટિમાં લીધું, હવે પર્યાય ઓછી છે, કાંઈ રાગ છે એને દૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન એને વિવેક કરીને જાણે છે. જાણે છે કે છે, હજી રાગ છે, હજી હું પૂર્ણ શુદ્ધ થયો નથી. પૂર્ણ શુદ્ધને પકડ્યો છે પણ અપૂર્ણતા છે તેને દૃષ્ટિ જાણતી નથી.

દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી છે. પણ દૃષ્ટિ થતાં જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળને પણ સ્વીકારે છે અને એ જ્ઞાન અપૂર્ણતા (છે), હજી મારામાં પુરુષાર્થની કચાસ છે (એમ પણ જાણે છે). આહા..હા..! જેટલો તીવ્ર આશ્રય લેવો જોઈએ એટલો છે નહિ. એવું જ્ઞાન સમય, સમયમાં જેટલો રાગાદિ છે અને શુદ્ધાશુદ્ધિની અપૂર્ણતા છે તેને જાણે છે, જાણે છે. એ જ્ઞાન એમ જાણતું નથી કે હું પર્યાયમાં પૂર્ણ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે.. પેલા કહે, સામાયિક કરવા, પડિકમણા કરવા ને પોષા કરવા. આહા..હા..! બાપુ ! મારગડા બીજા (છે), ભાઈ !

જેમાં કરવું ના વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. આહા..હા..! અરે..! જેને ગુણી- ગુણના ભેદનો વિકલ્પ છે એનાથી પણ તે પ્રાપ્ત થાય એવો નથી. આહા..હા..! એ બીજી રીતે કઈ રીતે પ્રાપ્ત થાય ? ભાઈ ! પંચમ કાળ હોય કે ચોથો કાળ હોય કે નરકનો કાળ હોય કે તિર્યંચનો (કાળ હોય)... આહા..હા..! પણ ભગવાન શુદ્ધિનું ધામ તો શાશ્વત બધે ઠેકાણે પોતે જ પડ્યો છે આખો. આહા..હા..! એ સ્થળમાં જતા એની નિર્મળ દશા પ્રગટ થાય, થાય જ અને બીજા કોઈ પણ વિકલ્પથી તે પ્રગટે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

આવી વાતું છે તેથી આકરું લાગે. ઘણાં બિચારા હમણાં આવ્યા હતા. એક હતા, કીધું, બાપુ ! સમ્યગ્દર્શન ભાઈ !... અરે..! પણ સમજે નહિ, સાંભળ્યું નથી. (એને) એમ કે આ ત્યાગ કરે છે એટલો એટલો એને... અરે..! બાપા ! શું કહીએ ? ભાઈ ! આહા..હા..! શેનો ત્યાગ ? ભાઈ ! આ બાયડી, છોકરા છોડ્યાં ને ઘર છોડ્યું. (એ માન્યતામાં તો) ધર્મ છોડ્યો છે. અરે..! બાપુ ! તને ખબર નથી. (એણે કહ્યું), પણ એમ અમારા બધાઓમાં સમ્યગ્દર્શન નથી એમ શી રીતે ખબર પડે તમને ? પ્રભુ ! શું કહીએ ? બાપુ ! આહા..હા..! અરે..! બાપુ ! શ્રુતજ્ઞાન શું ચીજ છે ? આહા..હા..! શ્રુતજ્ઞાનમાં તો કેવળીને પણ પરખી લે છે. એ શ્રુતજ્ઞાન ક્યાં, કઈ રીતે સમ્યગ્દર્શન હોય અને ન હોય એ શ્રુતજ્ઞાન બધું જાણી શકે છે. એ અવધિજ્ઞાન ને મનઃપર્યય થાય તો જાણી શકાય એવું કાંઈ છે નહિ.

તેથી કહ્યું ને? '**એકને ગ્રહણ કર્યું એમાં બધું આવી ગયું.**' આહા..હા..! એના જ્ઞાનમાં બધો વિવેક આવી ગયો. એ જ્ઞાન જ્યાં જ્યાં પોતાની દશા અપૂર્ણ છે એને જાણે. આહા..હા..! સામાની દશામાં મિથ્યાત્વ કઈ

રીતે છે તે પણ એ જાણે. આહા..હા..! એવું જે સમ્યગ્જ્ઞાન દૃષ્ટિની સાથે થયું એ બધો વિવેક કરે છે. પર્યાયમાં હજી અલ્પજ્ઞ છું. આહા..હા..!

એક બાજુ એમ કહેવું કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે અને શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે, પણ પૂરું જાણે એમ કહ્યું. અને એક બાજુ એમ કહેવું કે શ્રુતજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનની પર્યાયને અનંતમે ભાગે છે. આહા..હા..! કઈ અપેક્ષા છે ? સમજાણું કાંઈ ? એને પ્રત્યક્ષ થયું નથી એટલે એને અપૂર્ણ અને અનંતમા ભાગમાં ગણવામાં આવ્યું. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા એને સાથે દૃષ્ટિ થઈને જ્ઞાન થયું એ વિવેક કરે છે. આહા..હા..! ૧૦૭, ૧૦૭ (બોલ પૂરો) થયો. શું કહેવાય આ ? પેરેગ્રાફ ? બોલ, ૧૦૭ બોલ આહા..હા..!

## પરમાગમસારમાંથી ચુંટેલા પૂજ્ય ગુરુદેવશ્રીના કેટલાક વચનામૃતો

સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. (એ જ પુરુષાર્થનું સ્વરૂપ છે.) ૧૯૨.

❀

અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ ! કેવળજ્ઞાન નથી ને ! કેવળજ્ઞાનનું કામેય શું છે ? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૨૦૦.

❀

ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, પરના કામ અને રાગના કામ મારા (જ્ઞાતાદૃષ્ટાના) નહીં. એમ દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૦૨.

❀

જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયાં છે. ૨૦૬.

❀

પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ. તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે, આ સમ્યક્ પહેલાંની વાત છે આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી. ૨૧૦.

❀

દ્રષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું, પછી એને સંભારવું છે ક્યાં ? એ તો રૂચિનું પરિણમન થયું તે થયું તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છું એમ સંભારવું પડતું નથી અને શુભાશુભમાં હોય કે આત્માના અનુભવમાં હોય તો પણ સમ્યક્નું પરિણમન તો જે છે તે જ છે. ૨૧૨.

❀

# સત્ સાહિત્ય પ્રકાશન વિગત

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રીસ વર્ષથી સત્ સાહિત્યનું પ્રકાશન કાર્ય નિયમિતરૂપે ચાલી રહ્યું છે. આ પ્રકાશનમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો તથા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં નિમ્ન લિખિત પુસ્તકોનું કાર્ય સંપન્ન થયું છે તેની વિગત આપવામાં આવેલ છે.

| પુસ્તકનું નામ | અંદાજીત ખર્ચ |
|---|---|
| **(પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો)** | |
| ભાગ–૧ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| ભાગ–૨ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| ભાગ–૩ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| ભાગ–૪ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| ભાગ–૫ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર ગ્રંથ ઉપરના ૧૫ મી વારના સળંગ પ્રવચનોને કમ્પ્યુટરમાં ફીડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. જેમાંથી એક ભાગનું કાર્ય પૂર્ણ થયેલ છે.

| | |
|---|---|
| **(બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રીના સળંગ પ્રવચનો)** | |
| અધ્યાત્મ સુધા ભાગ–૬ (પ્રુફ રિડીંગ ચાલુ છે) | ૧૫૦૦૦૦/- |
| અધ્યાત્મ સુધા ભાગ–૭ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| અધ્યાત્મ સુધા ભાગ–૮ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| અધ્યાત્મ સુધા ભાગ–૯ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| **(શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રીના સળંગ પ્રવચનો)** | |
| રાજ હૃદય ભાગ–૬ (પ્રુફ રિડીંગ ચાલુ છે) | ૧૫૦૦૦૦/- |
| રાજ હૃદય ભાગ–૭ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| રાજ હૃદય ભાગ–૮ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| રાજ હૃદય ભાગ–૯ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦૦/- |
| **(અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રીના સળંગ પ્રવચનો)** | |
| ભાગ–૧ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦/- |
| ભાગ-૨ (કમ્પ્યુટરમાં ફીડ થયેલ છે) | ૧૫૦૦૦/- |

## નિમંત્રણ

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૧ મી જન્મજયંતિ પ્રસંગ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' સ્મારક ભવનમાં તા. ૩૦-૪-૨૦૧૨ થી ૨-૫-૨૦૧૨ પર્યંત અત્યંત ધામધૂમથી ઉજવવામાં આવશે. તે પ્રસંગ રાખવામાં આવેલ ધાર્મિક કાર્યક્રમ નીચે મુજબ છે. આ પ્રસંગે સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને પધારવાનું હાર્દિક ભાવભર્યું નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુએ પોતાના આગમનની સૂચના સંસ્થાના કાર્યાલમાં અગાઉથી જણાવવા વિનંતી.

– આયોજક, શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૦૧ મી જન્મ જયંતિ પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

**તા. ૩૦-૪-૨૦૧૨ થી ૦૨-૫-૨૦૧૨**

| | | |
|---|---|---|
| સવારે : | ૫:૪૫ | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ઑડિયો તત્ત્વચર્ચા |
| | ૬:૩૦ થી ૭:૧૫ | જિનમંદિરમાં પૂજા |
| | ૭:૩૦ થી ૮:૦૦ | ચા-પાણી, નાસ્તો (સમિતિમાં) |
| | ૮:૩૦ થી ૯:૩૦ | સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |
| | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | ગુરુ-ગૌરવ સ્મારકમાં પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું ટેપ પ્રવચન |
| | ૧૧:૩૦ થી ૧૨:૩૦ | ભોજન |
| બપોરે | ૩:૦૦ થી ૪:૦૦ | પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન (સ્વાધ્યાય મંદિરમાં) |
| | ૪:૧૫ થી ૫:૧૫ | પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ ગોરવ'માં. |
| સાંજે | ૬:૦૦ થી ૭:૦૦ | ભોજન |
| રાત્રે | ૮:૦૦ થી ૯:૦૦ | સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |
| | ૯:૧૫ થી ૧૦:૧૫ | ગુરુ-ગૌરવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, ભક્તિ. |

**પૂજ્ય સોગાનીજીની ૧૦૧ મી જન્મજયંતિના ઉપલક્ષમાં 'ગુરુ-ગિરા ગૌરવ' ભાગ-૨ (હિન્દી)ની અર્પણ વિધિ તા. ૨-૫-૨૦૧૨ ના મંગલ દિવસે કરવામાં આવશે.**

**કાર્યક્રમ સ્થળ :– ગુરુ-ગૌરવ, પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજી માર્ગ, સોનગઢ.**

**આયોજક :– શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર.**



# શ્રી પરમાગમસાર, વચનામૃત–૪૭૫-૪૭૬ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૨૭૧ (તા.૧૧-૨-૧૯૮૪, ભાવનગર)

**ભાઈ ! તારે દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય–પાપના ભાવ દુઃખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે-એમ અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શ્રદ્ધામાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે. જો આસ્રવથી નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. ૪૭૫.**

૪૭૫. શરૂઆતથી લઈએ, ફરીથી. 'સમયસાર'ની ૭૨ ગાથાના પ્રવચનોમાંથી છે. **'ભાઈ ! તારે દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે–એમ અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર.'** શું કહે છે ? કે જે પુણ્ય અને પાપના પરિણામમાં તને હોંશ આવે છે એ હોંશ અભિપ્રાયપૂર્વકની છે.

એક દૃષ્ટાંત લઈએ તો, કોઈપણ પ્રકારે અભિપ્રાયમાં ઇષ્ટ-અનિષ્ટપણું નક્કી કરેલું હોય છે. પદાર્થોની વહેંચણી એવી રીતે કરી છે કે આ પદાર્થો મને અનુકૂળ છે એટલે સુખરૂપ છે. અમુક પ્રકારના સંયોગો અને પદાર્થો મને પ્રતિકૂળ છે એટલે દુઃખરૂપ છે. એવો અભિપ્રાય તો જીવને બરાબર વર્તતો હોય છે. પછી ઉદય જે પ્રકારે આવે છે, અનુકૂળતાનો કે પ્રતિકૂળતાનો એના અભિપ્રાય અનુસાર, ત્યારે તીવ્ર રસેથી અથવા એકાકાર પરિણામથી એમાં એ વર્તે છે. એટલી એકાકારતા આવવાનું કારણ, અને જાગૃતિ પણ નહિ રહેવાનું કારણ એનો ઊંધો અભિપ્રાય છે, એમાંથી એ પાછો ફર્યો નથી. વિચાર વડીએ કરીને પણ ઊંધા અભિપ્રાયમાં એણે ફેરફાર કર્યો નથી. એટલે સુખના સાધન અને સુખના કારણમાં એ પ્રકારે તલ્લીન થાય છે અને દુઃખના કારણમાં, કલ્પેલા એના દુઃખના કારણમાં તે પ્રકારે તલ્લીન થાય છે.

આ મારા આત્માને આની સાથે કાંઈ સંબંધ નથી. મને કોઈ લાભ-નુકસાનનું આમાં કારણ નથી. હું બિલકુલ તદ્દન ભિન્ન છું. માત્ર જ્ઞાનમય અસ્તિત્વ ધરાવું છું અને તેથી જ્ઞાનમયપણું હોવાને લીધે તદ્દન ભિન્ન છું એવી એને અંદરમાં જાગૃતિ રહેતી નથી. અને તેથી અભિપ્રાયમાં પાછો નહિ વળેલો હોવાથી લીન થઈને વર્તે છે.

એમાં બે Stage લીધા છે. આખા બોલમાં ભેદજ્ઞાન થવા પહેલા. કહે છે ને વાસ્તવિક, પારમાર્થિક ભેદજ્ઞાન. વાસ્તવિક ભેદજ્ઞાન એટલે પારમાર્થિક ભેદજ્ઞાન. એ થયા પહેલા તું અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર એમ કહે છે. સમજ્યા ? એટલે વર્તમાન જે પરિસ્થિતિ છે એમાં શું કાર્ય થવું જોઈએ ? એ વાત લીધી છે. કે આ સત્શાસ્ત્રનો સ્વાધ્યાય આદિ જે કોઈ પ્રક્રિયા છે, જે કોઈ વ્યવહાર છે, એની અંદર અભિપ્રાયમાંથી, પુણ્ય-પાપથી પાછો વળ.

બહુભાગ જીવોનો તો પાપથી પાછો વળવાનો અભિપ્રાય થાય છે, પણ પુણ્યથી પાછા વળવાનો

અભિપ્રાય થતો નથી. તેથી પરિસ્થિતિ તેની તે રહે છે. તત્ત્વદૃષ્ટિએ એની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થતો નથી અથવા તત્ત્વદૃષ્ટિએ ફેરફાર થવો તે એનું નામ છે કે એનું મિથ્યાત્વ મટીને સમ્યક્ થવું એવો પરિણમનમાં ફેરફાર થતો નથી.

એટલે સીધો, સરળ Total લીધો છે કે **'દુઃખના પંથ છોડવા હોય...'** દુઃખના રસ્તા છોડવા હોય **'ને સુખના પંથે આવવું હોય...'** અનેક પ્રકારના, અનંત પ્રકારના દોષ અને દુઃખની પરંપરા છોડવી હોય, નિરાકૂળ સુખમાં આવવું હોય તો અભિપ્રાયમાં પહેલા પુણ્ય-પાપભાવ દુઃખરૂપ છે, મલિન છે અને દુઃખરૂપ છે. મારું સ્વરૂપ તો આનંદમય છે, જ્ઞાનમય છે એમ અભિપ્રાય બદલી નાખ. અને એ અભિપ્રાયપૂર્વક પુણ્ય-પાપના ભાવથી પાછો ફરી જા. આ પહેલા અભિપ્રાયમાં પાછા ફરવાની વાત છે. પછી ભેદજ્ઞાન શરૂ કરવાની વાત છે. એ પહેલા ભેદજ્ઞાન શરૂ નહિ થાય.

મુમુક્ષુ :– વિચારપૂર્વક અભિપ્રાય...

પૂજ્ય ભાઈશ્રી :– વિચારપૂર્વક. મલિન ભાવોને, દુઃખરૂપ ભાવોને ઓળખીને, એ તો સ્થુળ પરિણામ છે. નહીં તો આત્માનો જે સ્વભાવ છે એ તો સૂક્ષ્મ વિષય છે અને જે પુણ્ય-પાપના પરિણામ છે એ તો સ્થુળ છે. એને દુઃખપણું જાણીને એમાં આકુળતા થાય છે એ જાણીને એનાથી અભિપ્રાયમાં તું પાછો વળી જા. એ કરવા જેવા નથી, એ કર્તવ્ય નથી. થાય તો પણ એ પોતાના અભિપ્રાયથી વિરુદ્ધ થતા હોય તો જ એનો નિષેધ આવે. નિષેધ કઈ વાતનો આવે છે જીવને ? કે પોતે અભિપ્રાયમાં જે સ્વીકાર્યું હોય એનાથી વિરુદ્ધ પરિણામ ઉભા થાય તો એનો નિષેધ આવ્યા વિના રહે નહિ. જો નિષેધ નથી આવતો, પુણ્ય-પાપના પરિણામમાં જે જીવને નિષેધ નથી આવતો તો એનો અર્થ એ થાય છે કે અભિપ્રાયથી એ હજી પાછો વળ્યો નથી.

મુમુક્ષુ :– ઓળખીને પાછો ફરે...

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખીને પાછું ફરવું જોઈએ એ એની ખાસ વાત છે. ઉપર ઉપરથી પુણ્ય-પાપનો નિષેધ કરવા યોગ્ય છે એમ અભિપ્રાય રાખે અને પાછો પરિણમનમાં નિષેધ ન આવે તો અભિપ્રાયમાં શું ફેર પડ્યો ? વિચારથી પણ એનો મત બદલાઈ જવો જોઈએ, એનું વલણ બદલાઈ જવું જોઈએ. એટલી હદ સુધી, એ હદે એને વિચારની અને અભિપ્રાયની સ્થિતિએ પહોંચવું જોઈએ. તો પછી આગળનું કામ થાય. નહિતર ભેદજ્ઞાન થવાનું કામ થાય નહિ. આટલું લીધું હતું.

અભિપ્રાયમાં પાછો ફર અને **'શ્રદ્ધામાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર.'** તારો વિશ્વાસ ન હોવો જોઈએ કે આ પુણ્ય-પાપના ભાવ મને હિતકર છે અથવા સુખકર છે. શ્રદ્ધા તો જેમાં સુખ લાગે એને એ શ્રદ્ધે છે. જેમાં જેને સુખ લાગે, જેમાં જેને હિત લાગે એને એ શ્રદ્ધે છે. આમ શ્રદ્ધાનો વિષય, શ્રદ્ધાનું પરિણમન સૂક્ષ્મ છે. પણ આવી રીતે સમજાય છે કે જેમાં જેને હિત લાગે, જેમાં જેને કરવા જેવું લાગે, જેમાં જેને સુખકર લાગે, ત્યાં તેની શ્રદ્ધા છે એમ નક્કી થાય છે. એને એ શ્રદ્ધે છે. શ્રદ્ધે છે એટલે આત્મારૂપ કરે છે. શ્રદ્ધા અભેદતા કરે છે, શ્રદ્ધામાં ભેદ રહેતો નથી. પછી એ જ એનો આત્મા થઈ ગયો. એમાં એ ફેરફાર કરવામાં માગતા નથી.

એટલે એમ કહે છે કે અનાદિથી પુણ્ય-પાપના પરિણામ તું કરતો આવ્યો છો, કષાયની તીવ્રતા અને કષાયની મંદતા. કષાયની મંદતાને પુણ્ય કહીએ અને કષાયની તીવ્રતાને પાપ કહીએ. એ બંને પ્રકારના પરિણામ તું કરતો આવ્યો છો અને તને એમાં શ્રદ્ધા છે કે આ કરવા જેવા છે. એની તને શ્રદ્ધા છે એમ કહે છે. અને એ પરિણામમાં કોઈક પરિણામ એવા છે કે જે ઠીક છે અને કરવા જેવા છે અને કર્તવ્ય છે એમ તેં તારા અભિપ્રાયથી પણ એ વાતને જ મજબુત રાખી છે. એમાં ફેર પડી જવો જોઈએ. પાછો ફર એમ કહે છે. ફેર પડી જવો જોઈએ એટલે એનાથી પાછો ફર.

**'શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે.'** આ ગાથાનો વિષય છે. ૭૨

ગાથાનો આ વિષય છે કે આસ્રવોથી જીવ ક્યારે નિવર્તે ? કે આસ્રવોથી પારમાર્થિક અથવા યથાર્થ ભેદજ્ઞાન થાય ત્યારે જીવ નિવર્તે. એવું યથાર્થ ભેદજ્ઞાન ક્યારે થાય ? કે જ્યારે એ પરિણામ મલિનભાવ છે, મેલરૂપ છે એનું અશુચિપણું જણાય અને ભગવાન આત્મા છે એ આનંદસ્વરૂપ છે, એકલો જ્ઞાનની જ મૂર્તિ છે, એકલા આનંદની જ મૂર્તિ છે એવો જ્યારે એને બે વચ્ચેનો મોટો તફાવત છે એ જણાય ત્યારે. શું કહ્યું ?

**'શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે....'** નિર્મળાનંદરૂપ છે. આનંદરૂપ એટલે આ કષાયનો આનંદ નહિ પણ નિર્મળ આત્મિક આનંદરૂપ છે. **'એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે.'** જીવનો એવો સ્વભાવ છે કે એનો સ્વભાવ સુખ અને આનંદ હોવાથી અને પવિત્રતા એનો સ્વભાવ હોવાથી, સ્વચ્છતા એનો સ્વભાવ હોવાથી દુઃખ, મલિનપણું. મલિનપણું એટલે અપવિત્રતા અને દુઃખમયપણું. એ જ્યારે એને જણાય ત્યારે એનાથી એ હટ્યા વિના રહે નહિ. સહજ એનાથી હટે, પાછો વળે.

જેમ અગ્નિ ઉપર હાથ મૂકતા વિચાર કરતો નથી કે આ ઊનું છે, કેટલું ઊનું છે ? કે કેટલી ડિગ્રી ઊનું છે ? એનાથી દઝાય છે. એ સ્પર્શ થતા માત્રથી ત્યાંથી હટે છે કે નહિ ? કે એમાં વિચાર-વિમર્શ કરવા કોઈની સાથે રોકાય છે ? કે આમાંથી હાથ પાછો લેવાય કે ન લેવાય ? કેટલો લેવો ? જલ્દી લેવો કે ધીમે લેવો ? એની Degree નક્કી કરીને લેવો કે કેમ કરવું ? અગ્નિ છે (એ જાણતા જ) ત્યાંથી હટે છે.

એવું જ આસ્રવના વિષયમાં છે. કયો જીવ બંધના કારણરૂપ આસ્રવથી પાછો વળે ? અને કેમ કરતાં એ પાછો વળે ? શું કરતા એ પાછો વળે ? એનો આ તાત્વિક વિષય છે. જે જીવ પુણ્ય-પાપના પરિણામ, આસ્રવરૂપ પરિણામ છે એનું મલિનપણું અને દુઃખપણું જાણે અને પોતાના સ્વરૂપનું જ્ઞાનાનંદમયપણું જાણે, તો એનાથી એ ભેદજ્ઞાન કરીને, જુદાપણાનું જ્ઞાન કરીને પાછો વળે. એ જુદાપણામાં વિપરીતપણું આવી ગયું. ત્યાં ત્રણ બોલ છે.

પોતાના સ્વરૂપથી પુણ્ય-પાપના ભાવનું વિપરીતપણું છે. વિપરીતપણું છે એટલે ઊંધાપણું છે. આ નથી કહેતા કે ભાઈ ! અમારાથી આ ઉંધા ચાલે છે. માણસ નથી કહેતા ? કે અમારાથી વિપરીત ચાલે છે, અમારાથી ઉંધા ચાલે છે. કહે છે કે તારા ઘરમાં, તારી પર્યાયમાં. ઘરમાં એટલે ? પર્યાયમાં આ પુણ્ય અને પાપના પરિણામ તારા સ્વભાવથી ઉંધા ચાલે છે. એ વિપરીત છે. સ્વભાવથી વિપરીત છે. એવું તારું સ્વરૂપ છે. જો એ તને એમ જણાય તો એનાથી તું જે કાંઈ એકત્વ થઈ રહ્યું છે એમાંથી પાછો વળી જા, ભિન્ન પડી જા. નહિતર ભિન્ન પડવાનો કોઈ ઉપાય નથી. અને નહિતર આત્માનું હિત થવાનો પણ કોઈ બીજો ઉપાય નથી. એક જ ઉપાય છે.

પછી એમ લીધું છે. **'તેને આસ્રવથી નિવર્તન થાય જ છે.'** જો આમ જાણે કે શુભાશુભભાવ એ મેલ છે, આત્મા તો પવિત્ર આનંદની મૂર્તિ છે **'એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે.'** ન થાય એ પ્રશ્ન નથી. એને થાય, થાય અને થાય જ. કેમ કે એ સ્વભાવગત થઈ ગયું. જેમ નુકસાનથી હટવું સ્વભાવગત છે, દુઃખથી હટવું એ સ્વભાવગત છે એમ આ પ્રત્યક્ષ દુઃખરૂપ થઈ ગયું. પુણ્ય અને પાપના પરિણામ એને પ્રત્યક્ષ દુઃખરૂપ અને મલિનરૂપે જણાય છે અને જણાય છે તેથી તેની સાથે તેનાથી જુદા પડવાનો ભાવ થાય છે, હટવાનો ભાવ થાય છે. તેની સાથે એકત્વ કરવાનું પરિણામ થઈ શકે નહિ.

**'જો આસ્રવથી નિવર્તન ન થાય...'** હવે એમ કહે છે કે આ ભેદજ્ઞાન છે ને એ જ જ્ઞાન છે. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બુરો અજ્ઞાન. ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' હેમરાજને સંબોધીને લખ્યું છે. આ ભેદજ્ઞાન જ જ્ઞાન છે. સર્વ શાસ્ત્રના અધ્યયનનું તાત્પર્ય આ છે, શાસ્ત્ર ભણવાનો ગુણ આ છે. એ 'સમયસાર'ના બંધ અધિકારની ૩૭૪ ગાથામાં લીધી કે શાસ્ત્ર

ભણવાનો ગુણ. ગુણ એટલે લાભ. આપણે કહીએ ને કે તમને એનાથી શું ગુણ થઈ ગયો ? શું લાભ થઈ ગયો ? ભિન્ન આત્માનું જ્ઞાન થવું, શુદ્ધ ચેતનામય ભિન્ન આત્માનું જ્ઞાન થવું એ શાસ્ત્ર ભણતરનો ગુણ છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન એટલે એની જાત અને મારી જાત જુદી છે. આવું જુદાંપણું છે. અનાદિથી જેની સાથે એકત્વ કર્યું છે, એવા જે પુણ્ય-પાપના પરિણામ એનાથી મારી જાત તદ્દન જુદી છે. એમ અંદરમાં જુદા પડવું. જ્ઞાનમય અસ્તિત્વમાં અહમપણું એને થવું. જ્ઞાનમય અસ્તિત્વમાં અહંપણુ થવું, અહંમભાવ થવો, અને એ થતાં ચાલતા પરિણામમાં પુણ્ય-પાપના અંશોમાં જુદું તરવું. ભાવથી જુદો તરે તે દ્રવ્યથી જુદો તરી જાય. તરવાનું કહે છે ને ? સંસાર તરી જવો. સંસરણ ઇતી સંસાર. સ્વભાવથી સરીને પુણ્ય-પાપના ભાવમાં એકત્વ કરે છે તે સંસાર છે. તેથી દ્રવ્યલિંગી મુનિને સંસારતત્ત્વ કહ્યું છે. પંચ મહાવ્રત સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીસ મૂળગુણ અને નિરતિચાર જિનોક્ત વ્યવહારને નિરતિચાર પાળવાવાળાને સંસારતત્ત્વ કેમ કહેવાય ? કે એ જે આસ્રવના પરિણામ છે, એ બધા આસ્રવના પરિણામ છે, એની સાથે ત્યાં એ એકત્વ કરે છે. એ કર્તવ્ય છે અને એમ થતાં મને લાભ થશે, એની સાથે એને સજ્જડ એકત્વ છે. તો એ સ્વભાવની અંદર આવી શકતો નથી. સ્વભાવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણામે પરિણમતો નથી. તેથી એ સરીને જાય છે. સંસરીને સારી રીતે સરી જાય છે. પૂરેપૂરો એ પુણ્યના પરિણામમાં એકાકાર થાય છે, લીન થાય છે. એને જ સર્વસ્વ માને છે, એને જ સર્વસ્વ ઉપાદેય ગણે છે એટલે કે એને જ શ્રધ્ધે છે.

'સમયસાર'ની એક ગાથા છે કે એ પુણ્યને શ્રદ્ધે છે. જાણે ન હેતુ મોક્ષનો. જે બંધનો હેતુ છે એને એ શ્રદ્ધે છે અને એ મોક્ષના હેતુને જાણતો નથી. તેથી એ સંસારમાં ચિરકાળ પર્યંત, સંસારમાં જ પરિભ્રમણ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ શ્રદ્ધાથી અને જ્ઞાનથી. શ્રદ્ધાએ કરીને અહંપણું કરવું, જ્ઞાને કરીને અહંપણું કરવું. પાયાની તો મુખ્ય બે વાત છે. અહંપણું જે ભાવ પુણ્ય-પાપના પરિણામમાં અહંપણું કરે છે તે જ ભાવ પલટો ખાઈને પોતાના સ્વરૂપ અસ્તિત્વમાં અહંપણું કરે કે જ્યાં એનું અસ્તિત્વ છે, ત્યાં એનું ત્રિકાળ હોવાપણું છે. પુણ્ય અને પાપના પરિણામમાં એનું ત્રિકાળ હોવાપણું નથી. વિજાતીય દુઃખમય અસ્વભાવિક પરિણામ, કૃત્રિમ પરિણામ, વિરુદ્ધ જાતિના પરિણામ, સ્વભાવના તિરસ્કાર કરનારા પરિણામ, આ પરમાત્મપદનો તિરસ્કાર કરનાર પરિણામ (છે), એમાં જે અહંપણું કરે છે એ એને ચાર ગતિમાં પરિભ્રમણનું મૂળ છે. અનંત દુઃખનું પરંપરાનું એ મૂળ છે. એ દુઃખના પંથ છોડાવવા માટે અને સુખના પંથે આવવા માટે અહીંયા આ વાક્યની શરૂઆત કરી છે, બોલમાં શરૂઆત એવી રીતે લીધી છે '**દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો...**' આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

આખા 'સમયસાર'માં ભેદજ્ઞાનનો વિષય સળંગ ચાલ્યો છે. કેમ કે એ પ્રયોજન છે. જેમ વ્યાપારમાં અનેકવિધ પ્રવૃત્તિની વિવિધતા છે, તો પણ પ્રયોજનની વિવિધતા નથી. પ્રયોજન તો એક આર્થિક લાભ કેમ થાય ? એટલું જ પ્રયોજન બધે સળંગ છે. પ્રવૃત્તિ ગમે તે પ્રકારે ફેરફારવાળી બદલાયા કરે. એમ બધા અધિકારની અંદર પ્રયોજનનો વિષય આ જ લીધો છે. ગમે ત્યાંથી 'સમયસાર' વાંચો, આ વિષય નીકળી આવે છે. એ પ્રતિપાદનનો મૂળ દૃષ્ટિકોણ છે એમ દેખાય છે. આખા ગ્રંથપરના પ્રતિપાદનનો અને ગ્રંથનું તાત્પર્ય છે એ બધું જાણે જળવાઈને વિષય પ્રવાહિત થાય છે, એ ચાલે છે. એ રીતે આખો ગ્રંથ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સળંગ રહ્યું છે અને બહુ એ દૃષ્ટિએ જોઈએ તો પ્રતિપાદનની અસાધારણ વિશિષ્ટતા

છે, વિષય પ્રતિપાદનની અસાધારણ વિશિષ્ટતા છે. પછી આસ્રવનો અધિકાર ચાલે, પુણ્ય-પાપનો અધિકાર ચાલે કે મોક્ષનો અધિકાર (ચાલે). મોક્ષના અધિકારમાં પ્રજ્ઞાછીણીનો વિષય લીધો, ભેદજ્ઞાનનો વિષય લીધો. નહિતર મોક્ષતત્ત્વ તો ખરેખર પૂર્ણ શુદ્ધિરૂપ છે. પૂર્ણ શુદ્ધિનો, અધિકાર પૂર્ણશુદ્ધિનો અને આચાર્યદેવે વિષય ચલાવ્યો ભેદજ્ઞાનનો. કેમ એમ કર્યું ? કે એ પૂર્ણ શુદ્ધિનું આ કારણ છે માટે એમ કહ્યું. પૂર્ણ શુદ્ધિ આ ભેદજ્ઞાનથી થશે, આ પ્રકારે થશે એમ કહેવા માટે એ વાત લીધી. એટલે એ દૃષ્ટિકોણને પકડીને વિષયનું પ્રતિપાદન ચાલે છે.

મુમુક્ષુ :- દ્રવ્યલીંગીને જે રહી જાય છે તે વિધિ અહીંથી રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંથી. ત્યાંથી છે કે સાવદ્યયોગનો ત્યાગ છે એટલે પાપના પરિણામ નથી. અને પાપના પરિણામ હોય તો તેના ફળમાં નવમી ગ્રૈવેયક સુધી પહોંચવાનું બને નહિ. આ તો ગ્રૈવેયકમાં ઊપજે છે. સોળ સ્વર્ગની ઉપર જે આ લોકની જગ્યા છે એને ગ્રિવા કહે છે. ગ્રિવા એટલે ડોક. સંસ્કૃત શબ્દ છે. ડોકના સ્થળે જે કાંઈ સ્વર્ગના સ્થાનો છે, વિમાનો છે એને ગ્રૈવેયકના વિમાનો કહેવામાં આવે છે. એમાં એ નવમા ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિના ઉત્કૃષ્ટ શુભ પરિણામનું ફળ નવમી ગ્રૈવેયક છે. એથી ઉપર ન જાય. પછી ઉપર તો પાંચ અનુત્તર વિમાન છે. ત્યાં તો બધા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો હોય છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયક સુધી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગ્રૈવેયકના સ્થાનમાં છે. સોળે સોળ..

મુમુક્ષુ :- સોળ સ્વર્ગની ઉપર...

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે બીજો-ત્રીજો તો નીચે રહી ગયો ને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એ શુભનું ફળ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ કરતા પણ ઉપર જાય એ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપર એટલે ? આ ક્ષેત્રથી. પરિણામમાં નીચે છે. એ ક્ષેત્ર છે.

મુમુક્ષુ :- આ ભેદજ્ઞાન થવાનું મૂળ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન થવાનુ મૂળ એ છે કે એને પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે, મલિન છે અને મારાથી વિપરીત છે, એ ત્રણ વાત એને અંદરમાં સમજાવી જોઈએ. છે પુણ્ય-પાપના પરિણામ પણ એના ત્રણ પાસા, ત્રણ પડખાં એ એના લક્ષ ઉપર આવવા જોઈએ કે આમાં આકૂળતા અને દુઃખ છે, આ મલિન પરિણામ છે. પોતે સ્વરૂપથી સુખરૂપ છે. સ્વરૂપથી પવિત્ર જ્ઞાનાનંદમય છે અને એનાથી પોતે વિપરીત છે, જુદો છે. સ્વભાવથી જુદો પડે છે. જે પુણ્ય-પાપનો કસાયેલો સ્વાદ છે, વેદનનો વિષય છે ને ? અનુભવનો વિષય છે, પુણ્ય અને પાપના પરિણામનો જે કસાયેલો સ્વાદ છે, એનાથી મારું આસ્વાદન, જ્ઞાનનું આસ્વાદન જુદું છે, એમ એની વિપરીતતા, પરસ્પરની જે વિપરીતતા છે, આ ત્રણ Fatcor જો એને પકડાય તો એ જીવ આસ્રવથી પાછો વળે છે. એ જીવ આસ્રવથી પાછો વળે છે એટલે સંસારના અનંત જન્મ-મરણથી પાછો વળે છે. અથવા ચારે ગતિના અનેક પ્રકારના, વિધવિધ પ્રકારના દુઃખથી એ પાછો વળે છે. એનું મૂળ અહીંથી છે. પાછા વળવાનું મૂળ અહીંથી છે. અને નહીતર બીજી કોઈ રીતે એનો નિવેડો નથી.

**'એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે. જો આસ્રવથી નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી.'** આ એનું Indicator આપ્યું. કોઈ વાત લક્ષણથી નક્કી કરવી હોય, કે જીવને જ્ઞાન થયું છે એનું લક્ષણ શું ? કેમ કે શાસ્ત્રજ્ઞાનને લોકો જ્ઞાન માની બેસે છે. ઘણા પુસ્તકો વાંચ્યા હોય, ઘણી સ્મૃતિ હોય અને એમાંથી ઘણી વાતો સમજાવી શકે, કહી શકે એવી યોગ્યતા હોય તો લોકો એને જ્ઞાન સમજે છે. એ જ્ઞાન નથી.

જ્ઞાન તો તેને કહીએ, કે જે પુણ્ય-પાપના ભાવથી

પાછુ વળે તેનું નામ જ્ઞાન કહીએ. જો આ જીવ પુણ્ય-પાપરૂપ આસ્રવ કે જે બંધનું કારણ છે તેનાથી પાછો નથી વળતો તો એને જ્ઞાન પણ નથી. બસ ! આ એનું ઇન્ડીકેશન છે. બીજું કોઈ એનું લક્ષણ નથી.

જ્ઞાનનું લક્ષણ શું ? કે પોતે પવિત્ર સ્વભાવે છે એ મલિનતાથી પાછું વળે છે. અને જે પોતે સ્વચ્છ-પવિત્ર હોય એને મલિનતા છે એને એ કેમ ઇચ્છે ? કેમ ચાહે ? જેમ બહારમાં પણ કોઈ મલિનતા ચાહતું નથી, સ્વચ્છ રહેવા ઇચ્છે છે તો આ તો અતરંગ ભાવ મલિનતા છે. એટલે જો આસ્રવથી નિવર્તન ન થાય, પરિણમનમાં પુણ્ય-પાપના પરિણામથી હટવાની પ્રક્રિયા શરૂ ન થાય, તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. તો એને ભેદજ્ઞાન થયું છે એ વાત નથી. બાકી ગમે તે જ્ઞાન હોય તો તે બધું અજ્ઞાન છે. જ્ઞાન નથી પણ એ બધું અજ્ઞાન છે. અને જ્યાં અજ્ઞાન છે ત્યાં કોઈ વાત સવળી છે, એ વાત રહેતી નથી. ત્યાં એનું શ્રદ્ધાન પણ વિપરિત–મિથ્યા શ્રદ્ધાન છે અને ત્યાં તેનું આચરણ પણ વિપરિત અને મિથ્યા આચરણ છે. એક્કે વાત એની બરાબર નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– કહે છે, કે ભાઈ ! તમારા સ્વભાવમાં એ ચીજ નથી. તમે પુણ્ય-પાપના મેલથી રહિત શુદ્ધ જ્ઞાનાનંદ, જ્ઞાન-આનંદ-ચેતનામય પદાર્થરૂપે છો, પછી તમારે એ કરવું એ પ્રશ્ન ક્યાં રહ્યો ? એનાથી તમારી અભેદતા તો નથી. પુણ્યના પરિણામ કે જે અવસ્થામાં થાય છે, એ તમારા સ્વભાવ સાથે, તમારા સ્વરૂપ સાથે અભેદ તો નથી. અભેદ નથી, જે તમારા સ્વરૂપથી વિપરિત છે અથવા આત્મસ્વભાવનો, પરમાત્મપદનો તિરસ્કાર કરનારા છે, પછી કરવું એ પ્રશ્ન ક્યાં રહ્યો ? થાય એ બીજી વાત છે. પણ કરવું એ પ્રશ્ન ક્યાં રહ્યો ? કરવું હોય તો શુદ્ધાત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને કરોને.

પરિણામ કરવા છે એમ તમે કહો છો. શુદ્ધ આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રના, નિરાકુળ આનંદ સુખના પરિણામ કરો. આમાં તો દુઃખ છે. મલિનતા છે, દુઃખ છે અને વિપરીતપણું છે. આ ત્રણ તત્ત્વો એનામાં છે. પછી એ કરવા એ પ્રશ્ન ક્યાં રહે છે ? એને કર્તવ્ય જાણનાર તો એની સાથે એકત્વ કરીને સંસારમાં પરિભ્રમણ કરે છે. એ તો દ્રવ્યલિંગીનું દૃષ્ટાંત લીધું.

મુમુક્ષુ :– મિથ્યાત્વ છોડવું ક્યાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો પહેલા અભિપ્રાય ફેરવવાનું કહે છે. વિચાર કરીને નક્કી કર કે તારો આત્મા એ સ્વરૂપે છે ? જે પુણ્યાદિ પરિણામ થાય એ સ્વરૂપે તારું આત્મતત્ત્વ છે ? એમાં તો એ છે જ નહિ. જે સ્વરૂપે નથી, જે તારી ચીજ નથી, એને પકડવાથી શું ફાયદો ? એને પકડવાથી એકલું નુકસાન છે. ફાયદો નથી પણ નુકસાન છે.

આખરમાં કોઈપણ કાર્ય તો સુખ માટે કરવું છે ને ? જગતમાં કોઈપણ કાર્ય કરવાની પાછળ હેતુ શું છે ? પ્રયોજન શું છે ? કે સુખ જોઈએ છે. તો પહેલા સુખના સ્વરૂપને તો નક્કી કર. તાત્વિકરૂપે તને એ દુઃખમાં સુખની કલ્પના હશે, તો તને કદાચ એ દુઃખરૂપ નહિ દેખાય. પણ આજે નહિ તો કાલે તને એ દુઃખરૂપ દેખાવાનું, દેખાવાનું ને દેખાવાનું જ છે. આ પરિસ્થિતિ છે. વાસ્તવિક પરિસ્થિતિ છે. ૪૭૫ બોલ પૂરો થયો.

૪૭૬. ૪૭૬ની અંદર છે. 'બહેનશ્રીના વચનામૃત' બોલ ૩૮૭ નંબરના પ્રવચનમાંથી. ૩૮૭ ના બોલનો વિષય શું છે ?

**'આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. એમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને !'** શું આવ્યું ? **'તું તેનું જ અવલોકન કર ને ! તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેતનું તારું આશ્ચર્ય..'** અને વિસ્મયતા અને અહોભાવપણું, મહિમાપણું **'તૂટી જશે.'** ભાંગીને ભૂક્કા થઈ જશે. અને **'તું પરથી વિરક્ત થઈશ.'**

એકલું અમૃત છે ! વિષય કેવો લીધો છે ! એના ઉપર 'ગુરુદેવ'નું પ્રવચન છે એમાંથી આ ૪૭૬ બોલ છે.

**'અરેરે..! પાંચ-પચાસ હજાર રૂપિયા મળી જાય ત્યાં તો હરખાઈ જાય છે પણ ખરેખર તો એ રોઈ રહ્યો છે.'** આ દુનિયાદારીમાં જે બને છે, જીવને આર્થિક પ્રયોજન છે. મોક્ષાર્થીપણું આવ્યા પહેલા સર્વ સંસારીજીવને ધનાર્થીપણું હોય છે. ધંધો, વેપાર, કારખાનું, વ્યવસાય કરનારા તો ધનાર્થી છે પણ ત્યાગી થયા હોય, એ ધનનો ત્યાગ કરીને ત્યાગી થયા હોય, પણ અનુકૂળતાને અંદરમાં ઇચ્છતા હોય, એ એક અનુકૂળતામાં બધું આવી જાય છે. મને અનકૂળતા રહેવી જોઈએ, મારી અનુકૂળતા સચવાવી જોઈએ. એમાં આખો સંસાર ઉભેલો છે.

જેમ એક છાણનો સારો પોદળો મળે અને હરખાય છે, એમ આ જીવ અનુકૂળતામાં હરખાય છે. અથવા લાખ-પચાસ હજાર રૂપિયામાં હરખાય છે. એ બધા એક જાતિના પરિણામ છે, એમાં કોઈ જાતફેર છે નહિ.

મુમુક્ષુ :- માન, સન્માનમાં અટક્યા તે અનુકૂળતામાં અટક્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ એને અનુકૂળ લાગ્યું ને ? કોઈ માન આપે એ એને અનુકૂળ લાગ્યું. તો એ પણ એક જ જાતિના પરિણામ થયા. એમાં કોઈ બીજી જાતના પરિણામ નથી. કોઈ એમ કહે કે, ભાઈ ! તમે કહો એટલું દાન દઈ દઉં. લાખો રૂપિયા દાનમાં આપી દઉં. પણ મને માન મળવું જોઈએ. મને જો તમે માન આપો, મારો માનનો સન્માન સમારંભ થાય, આ સન્માન સમારંભ કરે છે કે નહિ ? કે આમણે આટલું મોટું દાન આપ્યું છે તો એનો સન્માન સમારંભ કરો, એ બધા એક જાતના પરિણામ છે. એને આત્મા નથી જોઈતો, એને અન્ય ચીજ જોઈએ છે. આત્માને છોડીને એને અન્ય ભાવ અને અન્ય દ્રવ્ય જોઈએ છે. બસ ! એમાં બધું આવી ગયું. એક જ જાતિના પરિણામ છે. આ તો બધાને સમજાય એટલે દૃષ્ટાંત આપે છે. પણ જેને જે પ્રકારનો ઉદય હોય.

**'પાંચ-પચાસ હજાર રૂપિયા મળી જાય ત્યાં તો હરખાઈ જાય છે પણ...'** જ્ઞાનીની નજરમાં **'ખરેખર તો એ રોઈ રહ્યો છે.'** એની પાછળ કેટલું દુઃખ છે એની એને સમજણ નથી. ટૂંકી દૃષ્ટિમાં એને એ જણાતું નથી. અહીંયાં દીર્ઘ દૃષ્ટિવાળાનું કામ છે. પચ્ચીસ-પચાસ વર્ષનો વિચાર કરે એવાનું કામ નથી પણ પોતાનું કાયમી અસ્તિત્વ છે, એ અનંત કાળનો ખ્યાલ કરે, એવા દીર્ઘ દૃષ્ટિવાળા જીવને અહીંયાં લીધો છે. પાંચ-પચ્ચીસ વર્ષનો વિચાર કરે એ તો ટૂંકી દૃષ્ટિવાળો છે. Short sighted છે.

કોઈ ઘરની અંદર યુવાન છોકરો હોય, સવારે હજાર રૂપિયા આપ્યા હોય કે રાખ તારી ખિસ્સાખર્ચી માટે. હજાર રૂપિયા તારી પાસે રાખજે. સાંજે આવીને પિતાજીને એમ કહે કે, પિતાજી ! બીજા બે હજાર આપો. તો કહે તને સવારે હજાર આપ્યા હતા ને ? તો કહે એ તો ક્યારના વાપરી નાખ્યા. બપોર પહેલા તો ખલાસ થઈ ગયા. દીકરા ! બે હજાર નહિ વીસ હજાર લઈ જા એનો આપણને વાંધો નથી. પૈસાની તો કોઈ તકલીફ નથી. પણ આ વાપરવાની રીત મને તકલીફ આપે છે. બે-ચાર કલાકમાં તેં હજાર રૂપિયા વાપર્યા ક્યાં ? આ સવાલ છે. એને વિચાર આવે છે કે આની પાછળ કાંઈક ગડબડ હશે તો ? કાંઈક બીજો રસ્તો પકડતો હશે તો શું હશે ? શંકા પડે છે. પૈસાનું દુઃખ નથી. પણ એને શું સમજાવે ? કે જો દીકરા ! આ રીતે તું વાપરીશ તો કુબેરનો ધનભંડાર ખૂટી જશે. કાલનો વિચાર કરતા શીખ. શું કહે એને ? તેં તો સાંજનો પણ વિચાર નથી કર્યો, પણ કાલનો વિચાર કરતા શીખ. એક દિવસનો વિચાર કરવાનું કહે છે ? કાલનો વિચાર કરતા શીખ, એટલે તારું આયુષ્ય જે સો-પચાસ વર્ષનું છે ત્યાં સુધીમાં તારી સંપત્તિ જળવાય તેવી રીતે રહે. ખર્ચ કરતા પણ કેવી રીતે જળવાઈ રહે એનો વિચાર કર. એની અંદર આટલી વાત છે કે નહિ ?

એમ અહીંયાં એમ કહે છે, કે હે સંસારી પ્રાણી ! તું પચ્ચીસ-પચાસ વર્ષનો વિચાર કરે છે, તારા જીવન

પર્યંતનો, બહુ બહુ તો તારા દીકરા-દીકરીના જીવન પર્યંતનો. કેટલો વિચાર કરે છે ? સો-પચાસ વર્ષ. પણ અનિત્યતા એવી છે કે એની હયાતીમાં ક્યાં ફેરફાર થાય એને ખબર પડે નહિ. બહુ ટૂંકી દૃષ્ટિનો એ વિષય થઈ ગયો.

બહુ લાંબી દૃષ્ટિના વિષયથી વિચારતા એમ કહે છે કે, ભાઈ ! એમાં જે તું હરખાય છે, એમાં જે અનુકૂળતાઓ થાય છે, જ્ઞાની કહે છે કે અમારી નજરમાં તારું કાલનું રુદન દેખાય છે. તું અત્યારે હરખાય છો એ અમે તને જોતા નથી. અમે એમ જોઈએ છીએ કે કાલે તું કેટલો રોઈશ. એ અમે આજે જોઈએ છીએ. તારી જે ટૂંકી નજર છે એના ઉપર અમારો આ એક બરાબરનો પ્રહાર છે કે આ ટૂંકી નજર તું છોડી દે. લાંબી નજરથી વિચાર કર કે તારું અસ્તિત્વ કાયમ રહેવાનું છે. આવતીકાલે સુખ માટે શું કરવું જોઈએ એનો વિચાર જો આજે નહિ કર, તો તને કેટલી ગડબડ થશે ? આખા સંસારના વિધવિધ પ્રકારના દુઃખથી (તું ઘેરાઈ જઈશ). એ વિચાર નહિ કરનારાઓની જ આ પરિસ્થિતિ છે. આ ઢોર-ઢાંખર, તિર્યંચ પશુ, પક્ષી, પ્રાણી દેખાય છે. બધા જીવો છે કે નહિ ? આ વનસ્પતિમાં જીવ છે. આજે તો એ સ્વીકારવું પડે છે. કહે છે કે એ બધા શું કરવા એમ છે ? એવી સ્થિતિને એ શું કરવા પ્રાપ્ત થયા છે ? શા માટે એ દુઃખી છે ? એણે પણ તારી માફક વિચાર કર્યો નથી. આગળ શું એનો વિચાર કર્યો નથી. કહે છે કે એ બાહ્ય પદાર્થોમાં, અનુકૂળતાઓમાં ખરેખર તારું સુખ નથી.

**'આત્મામાં અનંતા ગુણની અજાયબી છે....'** અનંત સુખથી માંડીને અનંત દિવ્યગુણોની સંપત્તિ. અને કદી કોઈપણ પ્રકારની આપત્તિ કે વિપત્તિ ન આવી શકે એવું એ અજાયબઘર છે. આત્મા અજાયબઘર છે એમ લીધું છે. એ એમનો ખાસ શબ્દ છે. આત્મા અજાબઘર છે. અદ્‌ભુતથી અદ્‌ભુત !! જેના ગુણધર્મોને જોવામાં આવે તો એ અદ્‌ભુતથી અદ્‌ભુત તત્ત્વ છે. જેને કહેવા માટે ભાષા-શબ્દો પાંગળા સાબિત થયા છે. ફક્ત જો એને કુતુહલ ઊપજે કે જેને ભાષા પણ વર્ણવી શકતી નથી. એ વસ્તુ પોતે અંદરમાં કેવી છે ? પાછી કોઈ ચીજ બહારની બીજાની નથી. પોતે છે. એ પોતે ચીજ કેવી છે ?

**'તેને જોતો નથી...'** તેને જોવાની દરકાર પણ કરતો નથી. એને **'પૈસા મારા, રાગ મારો એમ જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે...'** કેવા શબ્દો છે 'ગુરુદેવ'ના ! **'જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે...'** દ્રવ્યમરણનું કારણ જે ભાવમરણ છે, એનો અહીં સંકેત કર્યો છે. આત્મા જે જ્ઞાન અને સુખની જાગતી જ્યોત છે, એનાથી જે જીવી રહેલું તત્ત્વ છે, એ એનો સ્વભાવ છે તેનાથી એ સદાય હયાત રહે છે. જીવત્વશક્તિ નામની આત્મામાં શક્તિ છે તેનાથી એ અનાદિઅનંત જીવે છે, ક્યારેય મરતો નથી. છતાં એને ભૂલનારો જીવ મરણતુલ્ય દુઃખનો અનુભવ કરે છે, એને લોકો મરણ કહે છે. દ્રવ્યમરણને બધા સમજે છે, ભાવમરણને સમજતા નથી.

એને અહીંયાં કહે છે કે **'જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે...'** ત્યાં એનું જીવન રુંધાઈ ગયું છે, રોકાઈ ગયું છે. શેમાં ? કે બાહ્ય પદાર્થોમાં. તે આ આત્માથી તદ્દન ભિન્ન હોવા છતાં, જુદા હોવા છતાં, પોતારૂપપણે એનો અનુભવ કરે છે. ત્યાં એના **'જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી ને આત્માનું ખૂન કરી રહ્યો છે.'** કોઈ બીજાનું ખૂન કરતો કોઈ બીજો જૂએ તો પણ એને રૂવાડાં ઊભા થઈ જાય, જોઈ શકે નહિ. અરે..! મનુષ્ય પ્રાણી નહિ, પશુ-પક્ષીને પણ જો કોઈ મારતા જુએ તો આર્ય માણસને અરેરાટી થાય. આર્યતા છે ને ? જોઈ ન શકે. આ લોકો જે માંસ વગેરે ખાય છે એ તો પ્રાણીને મારે છે ને ? શિકાર કરીને ખાય છે. કોઈ નિર્દોષ પ્રાણીની ડોક મરડી નાખે. જોનારને કંપારી આવે.

આ કહે છે કે તારા જ્ઞાન ને આનંદ પ્રાણની ડોક મરડી નાખે છે. નિર્દોષ તત્ત્વ જે આત્મા છે, જેનાથી નિર્દોષ જ્ઞાન અને નિર્દોષ સુખની ઉત્પત્તિ થાય. 'શ્રીમદ્‌જી'એ કહ્યું ને, 'નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લ્યો

ગમે ત્યાંથી ભલે, પણ એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' પંદરમાં-સોળમા વર્ષે તો આટલો વિવેક હતો. 'બહુ પુણ્ય કેરા પુંજથી...' સોળ વર્ષે કવિતા રચી છે. સત્તરમાં વર્ષ પહેલા એટલે બહુ નીચે ન જઈએ તો સોળમું વર્ષ તો ખરું ને ?

મુમુક્ષુ :– ગમે ત્યાંથી એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– ગમે ત્યાંથી એટલે કે જ્યાંથી મળે. જ્યાં છે ત્યાંથી. આત્માનું નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ આત્મા સિવાય તો ક્યાંય મળશે નહિ. અને બીજા જે કોઈ સુખ અને આનંદની તેં કલ્પના કરી છે, ત્યાં તને નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ નહિ મળે. સદોષ પરિણામથી તેં માનેલા આનંદને, ભલે તને ખરેખરો આનંદ લાગ્યો છે પણ એમાં સદોષતા છે. એ વાત તો દૂર કરી શકાય એવી નથી. એ તો આગળનું એક પદ, આગલી કડીમાં એ વાત આવી છે, કે 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.' પૈસા મળ્યા, સત્તા મળી. બન્ને, એ સિવાય કુટુંબ-પરિવારમાં પણ ઘણા સભ્યો વધ્યા. શું વધ્યું ? એમ ન્યાયથી તો નક્કી કરો. ત્યાં ન્યાય પકડાવે છે.

'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો' આ ભવ ખોઈ નાખવો. 'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહોહો એક પળ તમને હવો' એક પળ પણ એનો વિચાર નથી આવતો ? ન્યાયથી તો વિચાર કરો એમ કહે છે. એટલી હળવાશમાં એમનો Tone છે કે માણસને એક વખત વેગમાં જતો હોય એને ઊભો રાખી દે. કે તું ઊભો રહે. એક ક્ષણ વિચાર કર, કે આ બધું મળ્યું એમાં તને તારા આત્મામાં શું આવ્યું ? કે તું ખાલી ને ખાલી રહી ગયો. એ બધાથી તું શૂન્ય છો, અત્યારે પણ એ બધાથી તું શૂન્ય છો અને એ બધામાં મમત્વ કરતાં, પોતાપણું કરતાં તારું આખું આયુષ્ય પૂરું થયું, તો તું એક નરભવને હારી ગયો છો, મનુષ્યભવને હારી ગયો છે. હારી ગયો છો એટલા માટે લીધું, બહુ વિચિક્ષણ હતા, કે માણસ હારી જાય છે ત્યારે એને સામે કાંઈ નથી મળતું. આ જુગારમાં હારે છે કે નહિ ? હારે છે ત્યારે શું છે ? કે એની સામે એને કાંઈ મળતું નથી.

માણસ બજારમાં ચીજ ખરીદે તો અસલીના બદલે નકલી આવે તો એના હાથમાં કાંઈક આવે છે. પણ આમાં તો કાંઈ નથી આવતું. એમ આના હાથમાં કાંઈ ન આવ્યું. આખો મનુષ્યભવ, કે જે મનુષ્યભવમાં એનું બુદ્ધિચાતુર્ય, પોતાના હિત-અહિતને વિચારી શકે એવું સંપન્ન હતું, એ વસ્તુ એણે ખોઈ દીધી. પછી તો પશુ-પક્ષીમાં બહુભાગ જીવો જાય છે. ત્યાં ઘણી જગ્યા છે. એટલે ત્યાં એની વિચારશક્તિ રહી શકતી નથી. જે વિચારશક્તિ ચારે ગતિમાં મનુષ્યપણામાં છે તે વિચારશક્તિ બાકીની ત્રણ ગતિમાં નથી. દેવોમાં પણ નથી. તિર્યંચ-નારકીમાં હોવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– દેવોને વિચારશક્તિ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ-નહિ. વિચારશક્તિ તો બધા જીવોને છે, પણ જેટલી વિચારશક્તિ, હિત-અહિતનો વિવેક કરવાની શક્તિ, સુખ-દુઃખનો વિવેક કરવાની શક્તિ જેટલી મનુષ્યગતિમાં છે એવી બાકીની ત્રણમાંથી એકપણ ગતિમાં નથી. એ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– અવધિજ્ઞાન હોય તો પણ ?

પૂજ્ય ભાઈશ્રી :– અવધિજ્ઞાન હોય તો પણ એ રાગ-દ્વેષનું નિમિત્ત થાય છે. આ મારો મિત્ર હતો અને આ મારો શત્રુ હતો એવું ત્યાં રાગ-દ્વેષનું નિમિત્ત થાય છે. જ્ઞાનનો ઉઘાડ છે, બહિર્લક્ષી જ્ઞાનનો ઉઘાડ છે એ રાગ-દ્વેષનો ઉત્પાદક છે. જ્ઞાનનો વિકાસ છે. એક બાજુથી ગણીએ તો એ જ્ઞાનનો ઉઘાડ એટલે વિકાસ છે. જ્ઞાનગુણ ત્યાં વિકસિત છે. તો પણ એની દિશા ઉલટી હોવાથી એ એને દુઃખનું કારણ થાય છે, અથવા વધારે મલિન પરિણામ ઊપજવાનું એ કારણ થાય છે. એટલે એને એ અનુકૂળ નથી, પોતાની શાંતિ માટે એ પ્રતિકૂળ છે. પોતાની શાંતિ માટે અનુકૂળ નથી પણ પ્રતિકૂળ છે. બધા બુદ્ધિવાળાની એવી પરિસ્થિતિ છે. પછી આપણે દેવલોકને મૂકી દ્યો. અહીંયાં પણ ઓછી-

વધારે બુદ્ધિના વિકાસવાળા મનુષ્યો હોય જ છે ને ? એમાં વધારે બુદ્ધિવાળા જો આત્મહિત બાજુ ન વળે તો એ વિશેષપણે આત્માનું અહિત કરનારા હોય છે. કેમ કે એ વધારે જોરથી ઊંધી દિશા પકડે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિચારશક્તિ એટલે હિતાહિતનો વિચાર કરવાની શક્તિ. મારું હિત શેમાં છે ? અને મારું અહિત શેમાં છે ? એનો વિચાર કરવાની શક્તિ. એટલું બુદ્ધિનું સમતોલપણું જેને કહીએ, Balance કહીએ એ મનુષ્યગતિમાં છે. દેવગતિમાં નથી. એનું તમને કારણ આપું. અહીંયાં પણ પુણ્યના વિશેષ ઉદયવાળાને કેટલી હાયહોય હોય છે અને પાપના વિશેષ ઉદયવાળાને કેટલી હાયહોય છે, એના ઉપરથી એનું માપ કાઢી લ્યો. તો પેલા તો ક્યાંયના ક્યાંય પહોંચી ગયેલા છે.

અહીંયાં પણ જે પુણ્યનો ઉદય હોય તે એવા પ્રકાર ભજે છે કે એને ફુરસદ મળતી નથી. ભાઈ ! બહુ કામમાં છીએ... બહુ કામમાં છીએ... મરવાની ફુરસદ નથી. નાના નાના કામ તો બીજાને સોંપી દીધા છે. મુખ્ય-મુખ્ય કામ એટલા સંભાળવા પડે છે. એક દુકાન-બે દુકાન, ... અહીંયાં... અહીંયાં... અહીંયાં... પછી શું થાય ? દોડાદોડી થાય કે બીજું કાંઈ થાય ? અહીંયાં ભાગવું છે... અહીંયાં ભાગવું છે... અહીંયાં ભાગવું છે... એકલી જંજાળ... જંજાળ... જંજાળ... હોય છે પુણ્યનો ઉદય, પૂર્વ પુણ્યનો ઉદય હોય છે. કે બુદ્ધિથી થતું હશે ? બુદ્ધિવાળા તો કાંઈક ગોથા ખાય છે. પણ એ એની અંદર રોકાય જાય છે. તીવ્ર પરિણામથી રોકાય જાય છે. એવી જ રીતે પાપમાં પણ એવા તીવ્ર પરિણામ થાય છે. પાપના ઉદયમાં. કે ત્યાં એને મારું હિત કેમ કરવું ? કઈ રીતે કરવું ? એ વિચાર કરવાનો એને અવકાશ પ્રાપ્ત થતો નથી.

મનુષ્યમાં પણ મધ્યમ પ્રકારના ઉદયવાળાની જે સ્થિતિ હોય છે એ તીવ્ર પુણ્યના ઉદયવાળાને, તીવ્ર પાપના ઉદયવાળાને સ્થિતિ લગભગ જોવામાં આવતી નથી. પ્રાયઃ આ સ્થિતિ નથી હોતી. એ તો સર્વસામાન્ય આજુબાજુ નજર કરશો એટલે બધી ખબર પડશે. પાપના ઉદયવાળા પણ પોતાના પરિચયમાં, સંબંધમાં હોય છે. પુણ્યના ઉદયવાળા પણ પોતાના સંબંધમાં હોય છે. પોતે પણ પોતાનો વિચાર કરે કે ઘડીક આમ સરખું પડી જાય અને જ્યાં બધા ગોઠવાવા માંડે ત્યાં એવો એકાકાર થઈને અનેક પ્રકારના કામમાં ગોઠવાય જાય. એકદમ જોરદાર પ્રતિકૂળતા આવે તો એને અનુકૂળ કરવામાં ગોઠવાય જાય. પોતાથી માંડીને આજુબાજુના બધા વિચારથી એ સમજી શકાય એવું છે. અનુભવથી એ સમજી શકાય એવું છે.

કહે છે કે આત્માનું જે નિરાકુળ જીવન છે, શાંત જીવન છે, શાંતિનું જે જ્ઞાન અને સુખનું જીવન છે એ જ્યોતિ ત્યાં અટકી ગયું છે. એનું એણે ડોક મરડીને પોતાનું ને પોતાનું ખૂન કરી નાખ્યું છે. શાંતિનો કચ્ચરઘાણ કાઢીને આ પુણ્ય-પાપના પરિણામમાં એકાકાર થાય છે. એ એને સમજાવું જોઈએ. પોતાની આત્માની શાંતિનુ ખૂન કરીને જેટલો બહાર જાય છે એના પ્રમાણમાં. અને એમાં આત્મશાંતિનું ખૂન કહો કે આત્માનું ખૂન કહો, બંને એક વાત છે.

મુમુક્ષુ :- અત્યારે હનનક્રિયા...

પૂજ્ય ભાઈશ્રી :- હનનક્રિયા... હનનક્રિયા થઈ ગઈ. હણે છે. એને ભાવહિંસા અથવા સ્વહિંસા કહી છે. જૈનદર્શનમાં એને સ્વહિંસા કહી છે અથવા પોતાની અદયા. પોતે પોતાને વિષે નિર્દય થઈને, નિષ્ઠુર, કઠોર પરિણામ કરીને શાંતિને હણે છે. એવા પોતાની દયા નહિ પાળનારા જીવો બીજાની તો દયા શું પાળે ?

'શ્રીમદ્જી'એ બહુ શરૂઆતમાં દસ વૈકાલિકમાંથી એક વાત લીધી કે જે જીવ જીવના સ્વરૂપને જાણતો નથી. જે સાધુ, ત્યાં એમ લીધું છે. જે સાધુ જીવના સ્વરૂપને જાણતો નથી અને અજીવના સ્વરૂપને જાણતો નથી એ સંયમના સ્વરૂપને કેવી રીતે જાણે ? એમ કરીને લીધું છે. એટલે કે જો પોતાની દયા પાળવાનું સમજતો નથી તે બીજાની દયા કેવી રીતે પાળશે ? એમ કરીને પ્રશ્ન ઉઠાવ્યો. દસવૈકાલિકનું પહેલું સૂત્ર એવું લીધું છે. એ હવે વિશેષ વાત કરશે.

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૨ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૩૦-૦૭-૧૯૯૧

બે વર્ષ પછીનો પત્ર છે. ઇ દરમિયાનમાં આવી ગયા છે. ઓગણસાઠમાં આવી ગયા છે. આ પરિચય પછીનો, મારા પરિચય પછીનો (પત્ર છે).

મુમુક્ષુ :- સાઠમાં (પરિચયમાં આવ્યા) ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાઠમાં પરિચયમાં આવ્યા, બસ ! એકસઠમાં આ પત્ર છે. ત્રેપન ને સાત સાઠ, સાઠમાં આવ્યા હતા. સાત વર્ષે આવ્યા છે.

મુમુક્ષુ :- સોળમાં આવ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સોળમાં. એકસઠનો આ પત્ર છે. સાઠમાં આવ્યા ત્યારે મળ્યા હતા.

**'પૂજ્ય ગુરુદેવશ્રી સુખ-શાંતિ મેં વિરાજતે હોંગે. સાધર્મીજન સમવસરણ જૈસે વાતાવરણ મેં ઉનકી દિવ્યધ્વનિ જૈસી અમૃતવાણી કા લાભ લેકર અનંતસુખ પ્રાપ્ત કરેં, યહ હી ભાવના હૈ.'**

**'આપકા પત્ર તા. ૧૫-૭ કા મિલા.'** પાંચ દિવસે જવાબ લખ્યો છે. તરત જ. ૧૫-૭નો પત્ર છે, ઉત્તર ૨૦-૭ તરત જ લખ્યો છે. **'ઇસકે પહલે તો કોઈ નહીં મિલા થા.'** ઇ પહેલા એક (પત્ર) લખ્યો હતો પણ એમને નથી મળ્યો ગમે તે કારણસર. ઇ પહેલા એક પત્ર લખ્યો હતો ખરો. આ ૧૫-૭ ના પત્રમાં એમ લખ્યું હતું કે આ પહેલા એક પત્ર લખ્યો છે પણ તમારો જવાબ નથી એટલે બીજો લખું છું. એટલે આ લખ્યું છે કે, **'ઇસકે પહલે તો કોઈ નહીં મિલા થા.'**

**'હીન પુણ્યયોગ હોને સે, સોનગઢ પ્રતિ કે વિકલ્પ કી પ્રધાનતા નહીં હોને સે...'** અત્યારે બેય વાત ભેગી છે. એક તો હીન પુણ્યયોગ છે, બીજું 'સોનગઢ' પ્રતિના મારા વિકલ્પમાં પણ એટલી બધી પ્રધાનતા નથી. **'અભી તક મૈં ઉધર નહીં આ સકા,...'** અત્યાર સુધી હું ત્યાં આવી શક્યો નથી. **'ઇસકા અત્યંત ખેદ હૈ.'** અને તેનો મને ખેદ થાય છે.

**'ગએ તીન માહ સે કુછ ઐસે યોગ હુએ,...'** છેલ્લા ત્રણ મહિનામાં જે બનાવો બન્યા એની વાત કરે છે.



**'પ્રથમ મેરે પિતાશ્રી કા સ્વર્ગવાસ હોના,...'** એમના પિતાશ્રી ૧૯૬૧ની સાલમાં ત્રણ મહિના પહેલા સ્વર્ગવાસ પામ્યા છે. **'દ્વયમ્ એક માહ પહલે...** બીજું, મારું એક મહિના પહેલા **'મેરે સ્વયં કે શરીર કે છૂટને જૈસા યોગ હો ગયા થા.'** મારું શરીર છૂટી જાય એવો યોગ પણ બન્યો.

**'કુછ વ્યક્તિયોં ને મેરે પાસ એક બૈગ દેખકર, ઉસમેં રકમ નહીં હોતે હુએ ભી રકમ કે ભ્રમ સે મેરે પેટ મેં ૯ ઇંચ ગહરા ખંજર માર દિયા.'** ૯ ઇંચ જેટલું ખંજર પેટમાં હુલાવી દીધું હતું. ખંજર મારીને ખેંચી લીધું હતું. આ લોકોને ખંજર હાથમાં નથી આવ્યું. એટલે ઇ જે પાછું ખેંચ્યું ને એમાં આંતરડા બહુ કપાઈ ગયા. જો ખંજર મારીને ભાગી ગયા હોય કે લૂંટવા માંડ્યા હોત તો એટલી Injury ન થાત. પાછું ખેંચ્યું છે એમાં અંદર આંતરડા કપાઈ ગયા છે. **'૯ ઇંચ ગહરા ખંજર માર દિયા. ડૉક્ટરોં કો ઇજીલી...'** Easily એટલે શીઘ્ર, અંગ્રેજી શબ્દ છે. **'પલ્સ** (Pulse) **તક હાથ નહીં આઈ થી.'** જ્યારે હોસ્પીટલમાં પહોંચ્યા, ડૉક્ટર પહેલી નાડ જુએ, બેશુદ્ધ થઈ ગયા હતા, રસ્તામાં જ બેશુદ્ધ થઈ ગયા હતા. નાડ હાથમાં નહોતી આવી, નાડ ચાલી ગઈ હતી. કેમકે લોહી અંદર ઘણું ચાલ્યું ગયું હતું. અંદર અંદર ખાબોચિયું ભરાઈ ગયું હતું.

**'ઑપરેશન આદિ હોકર અસ્પતાલ મેં રહના પડા. આજ હી ઘર સે બાહર ઇસ એક્સીડેન્ટ કે બાદ પહલે-પહલે નિકલ રહા હૂં.'** આ ૨૦-૭ પહેલાવહેલા આ Accident બન્યા પછી બહાર નીકળ્યા છે. ત્યારપછી તત્ત્વનો વિષય શરૂ થાય છે. એક પ્રશ્ન મૂકેલો હતો એ પ્રશ્ન પોતે દોહરાવ્યો છે અને એ પ્રશ્નના ઉત્તરરૂપે બાકીના પત્રનો (ભાગ છે).

(વિશેષ લઈશું...)

*(પાના નં.૨૦ થી ચાલુ)*
પ્રગટે ઐસા પ્રયત્ન હોના ચાહિયે. જ્ઞાયક તરફ દૃષ્ટિ કૈસે જાય ? ભેદજ્ઞાનકી ધારા કૈસે પ્રગટે ? સ્વાનુભૂતિ કૈસે હોવે ? ઐસી ભાવના, શ્રુતકા ચિંતવન-અભ્યાસ-સત્ સમાગમકી ભાવના યહ સબ પહલે હોતા હૈ. જ્ઞાયકકી મહિમા, જ્ઞાયક સ્વભાવ કૈસે ગ્રહણ હો ઉસકી ભાવના-ઊંડી જિજ્ઞાસા, ક્ષણ ક્ષણ મુઝે આત્મા હી ચાહિયે ઔર કુછ નહીં ચાહિયે, મુઝે આત્મા બિના કુછ ચૈન નહીં પડતા ઐસા શુરૂમેં હોના ચાહિયે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૭૨)**

❖

પ્રશ્ન :– વિકલ્પ કેમ ટળે ?

સમાધાન :– પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે. અનાદિકાળથી એકત્વબુદ્ધિનો અભ્યાસ છે, શરીર તરફ એકત્વબુદ્ધિ છે. ક્ષણે ક્ષણે શરીર તે હું ને હું તે શરીર, વિભાવ તે હું ને હું તે વિભાવ એવી એકત્વબુદ્ધિ છે. તે એકત્વબુદ્ધિ તૂટે અને સ્વભાવની મહિમા આવે, હું તો એક જ્ઞાયક છું એમ સ્વભાવની લગની લાગે, અંદરથી તાલાવેલી જાગે તો વિભાવનો રસ નીતરી જાય-ઊતરી જાય. જોકે પછી અમુક વિભાવ ઊભો રહે છે, પણ તેનો બધોય રસ ઊતરી જાય છે, અને પોતાના સ્વભાવની મહિમા-પ્રેમ વિના ક્યાંય રુચે નહિ, એટલી તૈયારી થાય ત્યારે જ્ઞાયકની દૃષ્ટિ કરે. જ્ઞાયકની દૃષ્ટિ ક્યારે થાય ? સ્વભાવની મહિમા આવ્યા વિના અને વિભાવનો રસ ઊતર્યા વગર જ્ઞાયકની દૃષ્ટિ થતી નથી. બહારમાં દૃષ્ટિ જાય છે, તે બધો રસ ઊતરી જાય અને સ્વભાવની મહિમા આવે તો વિભાવનો રસ નીતરી જાય. સ્વભાવની લગની લાગે તો વિભાવનો રસ ઊતરે, અને વિભાવનો રસ ઊતરે તો સ્વભાવની દૃષ્ટિ થાય અને વિકલ્પ છૂટે. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૩)**

❖

પ્રશ્ન :– શરૂઆત તો વિકલ્પથી કરવી પડે ને ?

સમાધાન :– હું શુદ્ધ છું, જ્ઞાયક છું એમ શરૂઆતમાં વિકલ્પ થયા કરે, પણ વિકલ્પની પાછળ નિર્વિકલ્પ તત્ત્વ છે એમ તેનું ધ્યેય હોવું જોઈએ. (વિકલ્પ વચ્ચે આવે છે.) છતાં વિકલ્પમાત્રથી નથી થતું, હું તો નિર્વિકલ્પ તત્ત્વ છું એવું ધ્યેય હોવું જોઈએ. જ્ઞાયક છું એવા વિકલ્પ આવે તે હું નથી, હું તો નિર્વિકલ્પતાથી ને આનંદ આદિ ગુણોથી ભરેલો જ્ઞાયક છું અને તે ધ્યેય હોવું જોઈએ. વિકલ્પમાત્ર કરવાથી મેં બધું કરી લીધું એવી દૃષ્ટિ ન હોવી જોઈએ, હજી ઊંડે પહોંચવાનું બાકી જ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૭૪)**

❖

પ્રશ્ન :– પૂજા-પાઠ કરવાથી સંસારનો રસ ઓછો થતો જાય ?

સમાધાન :– એમ નથી. અંતરમાં ભગવાન જિનેન્દ્રદેવની મહિમા આવે, ભગવાને વીતરાગતા પ્રગટ કરી એવી વીતરાગતા મારામાં પણ છે એમ વીતરાગતાની મહિમા આવે ને તેનો રસ લાગે તો સંસારનો રસ ઓછો થાય. બાકી તો પૂજા-પાઠ રૂઢિગતે કરે તો તેનાથી રસ ઓછો નથી થતો. પોતાને વીતરાગતાની મહિમા આવે તો રસ ઓછો થાય. ભગવાન નિષ્ક્રિયપણે પોતામાં ઠરી ગયા છે ! અહો પ્રભુ ! આપે આવું પ્રગટ કર્યું એવું મને પણ હો એમ ભાવનાપૂર્વક પૂજા કરવાથી સંસારનો રસ ઓછો થાય. મારે કાંઈ નથી જોઈતું, બસ આપની સમીપે બેસી રહું અને આપની પૂજા કરું, આપના ગુણગાન મહિમા કરું એવી ભાવના સાથે મારે આત્મા જ જોઈએ છે એવી રુચિ હોય તો સંસારનો રસ ઓછો થાય. પૂજા-પાઠથી રસ ઓછો ન થાય, પોતાની ભાવના વીતરાગતાની હોય તો રસ ઓછો થાય. અશુભ પરિણામથી બચવા માટે પૂજા-પાઠ વચ્ચે આવે છે. ઇન્દ્રો પણ ભગવાનની એવી પૂજા અને મહિમા કરે કે જોનારાને આશ્ચર્ય લાગે ! છતાં ભાવ ઉપર આધાર છે, ક્રિયા ઉપર આધાર નથી. પોતાની (પોતાના સ્વરૂપની) ભાવનાથી કરે તો સંસારનો રસ ઓછો થાય. 'જિન પ્રતિમા જિન સારખી' જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા જોઈને હે ભગવાન ! હું આપને સાક્ષાત્ જિનેન્દ્રદેવ જ દેખું છું, સમવસરણમાં ભગવાન છે તેવા જ આપને દેખું છું અને એવો જ મારો આત્મા છે. એમ જુદા જ પ્રકારની ભાવના આવે તો સંસારનો રસ ઓછો થાય. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૫)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– આપ વારંવાર કહો છો કે દેવ-શાસ્ત્ર ગુરુને હૃદયમાં સ્થાપીને મુક્તિના પ્રયાણ કરજે, અને કુંદકુંદાચાર્યદેવ પર્યાયને ગૌણ કરવાનું કહે છે. તે આ બંને વાતની સંધિ કેવી રીતે કરવી ? મને મૂંઝવણ થાય છે.

સમાધાન :– દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તેનો અર્થ એમ છે કે જે પોતે આગળ વધવા માંગે છે તેણે દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે, તેમણે શું માર્ગ બતાવ્યો છે, તે હૃદયમાં રાખીને-તેનો આશય ગ્રહણ કરીને–મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખવાં પણ તેથી શુભભાવમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. પોતે દ્રવ્યદૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીન થતો હોય ત્યારે શુભ વિકલ્પમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ બતાવી રહ્યાં છે કે શુભ વિકલ્પ છે તે વિભાવ છે અને તું બધાથી નિરાળું નિર્વિકલ્પ તત્ત્વ છે. તું અમારા ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી દે, રાગનો ભાવ છોડી દે ને વીતરાગ થઈ જા. તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ પોતે બતાવી રહ્યા છે. માટે પ્રયોજન તો વીતરાગતા કરવાનું છે. પણ સાધક છે એટલે પહેલાંથી વીતરાગતા પૂર્ણ થઈ જતી નથી ને તેનો ઉપયોગ બહાર આવે છે. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે પણ શુભના અનેક જાતના વિકલ્પો હોય છે. માટે શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુને તારે સાથે રાખવા. તું તારી મેળાએ–તારી મતિ-કલ્પનાથી માર્ગને શોધીશ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે તેનો આશય સમજીને તું તે માર્ગે ચાલજે, મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તે આશય સમજીને પછી સ્વભાવ સાથે મેળવી તારા પોતાથી નિર્ણય કરી-નક્કી કરી મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ એવો અર્થ છે.

પર્યાય ઉપરથી દૃષ્ટિ છૂટી, હું શુદ્ધ છું, હું અશુદ્ધ છું એવા નયપક્ષના વિકલ્પો તથા ગુણભેદના વિકલ્પ પણ છૂટી જાય છે ત્યારે દ્રવ્યદૃષ્ટિ થાય છે, તે મુક્તિનો માર્ગ છે. એમ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવે છે. માટે તેઓ શું કહી રહ્યા છે તે આશયને સમજીને મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે એમ કહેવાનો આશય છે.



વળી, ક્ષપકશ્રેણી માંડી બારમા ગુણસ્થાને પહોંચે તે પહેલાં વચ્ચે દ્રવ્ય-ગુણ-પર્યાયના અબુદ્ધિપૂર્વક વિચાર આવે છે, શ્રુતના વિચાર આવે છે તે વિચાર તૂટી પૂર્ણ વીતરાગ થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. તે શ્રુતના વિચાર વસ્તુસ્થિતિ અનુસાર હોય છે, બીજી જાતના નથી હોતા. માટે જે માર્ગે મહાપુરુષો ચાલ્યા તે માર્ગે ચાલવું તેવો તેનો અર્થ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૭૦)**

✣

પ્રશ્ન :– જૈનદર્શન સત્ય છે તે મને બેસે છે તેમ આપ કહેતાં હતાં તો તે કેવી રીતે બેસતું હતું ?

સમાધાન :– મને અંદરથી આવતું હતું, પણ આ સમ્યગ્દર્શન પછીની વાત છે. તે પહેલાં તો મેં ખૂબ વિચાર-મંથન કરીને નક્કી કર્યું હતું. પ્રશ્ન-ચર્ચા થતી તેમાં, આ જ સ્વભાવ હોઈ શકે, જાણનારનો સ્વભાવ આ જ હોય, જે સ્વભાવ હોય તે આકુળતા વગરનો હોય, જે વિભાવ છે તે આકુળતારૂપ છે અને જે દુઃખરૂપ હોય તે પોતાનો સ્વભાવ ન હોય એમ અનેક પ્રકારે વિચાર કરીને નક્કી કરેલું હતું. ત્યાર પછી અંતરમાં ધારા પ્રગટ થઈ ને અનુભૂતિ થઈ તેના અર્થમાં મેં લખ્યું હતું કે જૈનદર્શન સત્ય છે તેમ મને બેસે છે. મને તો ગુરુદેવ પાસેથી માર્ગ મળ્યો હતો તેના ઉપર વિચાર કરી, તે જાતનો પ્રયત્ન કરતાં અનુભૂતિ થઈ. ત્યાર પછી ટૂંકામાં લખ્યું હતું. દૃષ્ટિ, પ્રયત્ન વગેરે બધું ગુરુદેવના પ્રતાપે થયું છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૧)**

✣

પ્રશ્ન :– સમ્યગ્દર્શન પહલે ક્યા ભાવના હોતી હૈ ?

સમાધાન :– પહલે યે હોના ચાહિયે કિ મૈં જ્ઞાયકતત્ત્વ હૂં, યહ સબ કુછ મૈં નહીં હૂં, સમ્યગ્દર્શનકા ઉપાય ભેદજ્ઞાનકી ધારા ઔર સ્વાનુભૂતિ હૈ, વહ કૈસે

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૯ ઉપર)**

જિનશાસન ઉદ્યોતકર, સ્વાનુભૂતિમય જિનધર્મ પ્રભાવક,
નિશ્ચયરત્નત્રય વિભૂષિત, અધ્યાત્મયોગી, અદ્ભુત જ્ઞાન-ધ્યાનમય જીવન
જીવનાર ગુરુવર્ય તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની
૧૨૩ મી મંગલ જન્મજયંતિ પ્રસંગે તેઓશ્રીના ચરણોમાં ભાવભીની
વંદના !!



અનેક સૈકાઓને તપાસવામાં આવે તો આવા તીર્થંકરદ્રવ્યનો ઉદય હોય અને આટલાં-આટલાં લાંબા વર્ષો સુધી, સમ્યગ્દર્શન જેવા પ્રયોજનભૂત વિષય ઉપર ઉપદેશ ચાલ્યો હોય, એવું ઇતિહાસમાં ગોતવા જાઓ તો જડે એવું નથી. ઉપકારી થાય એને તો અનંત તીર્થંકરથી વધારે લાગે છે. જેને ગોળી વાગે એના સંસારનું મૃત્યુ થઈ ગયું. એને તો અનંત તીર્થંકરોથી જે કામ ન થયું, એ કામ થઈ ગયું. (–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)




**૪૨૫**

મુંબઈ, માગશર વદ ૯, સોમ, ૧૯૪૯

ઉપાધિ વેદવા માટે જોઈતું કઠિનપણું મારામાં નથી, એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે, તથાપિ ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે.

પરમાર્થનું દુઃખ મટ્યા છતાં સંસારનું પ્રાસંગિક દુઃખ રહ્યા કરે છે; અને તે દુઃખ પોતાની ઇચ્છાદિના કારણનું નથી, પણ બીજાની અનુકંપા તથા ઉપકારાદિનાં કારણનું રહે છે; અને તે વિટંબના વિષે ચિત્ત ક્યારેક ક્યારેક વિશેષ ઉદ્વેગ પામી જાય છે.

આટલા લેખ ઉપરથી તે ઉદ્વેગ સ્પષ્ટ નહીં સમજાય, કેટલાક અંશે તમને સમજાઈ શકશે. એ ઉદ્વેગ સિવાય બીજું કંઈ દુઃખ સંસારપ્રસંગનું પણ જણાતું નથી. જેટલા પ્રકારના સંસારના પદાર્થો છે, તે સર્વમાં જો અસ્પૃહાપણું હોય અને ઉદ્વેગ રહેતો હોય તો તે અન્યની અનુકંપા કે ઉપકાર કે તેવાં કારણનો હોય એમ મને નિશ્ચયપણે લાગે છે. એ ઉદ્વેગને લીધે ક્યારેક ચક્ષુમાં આંસુ આવી જાય છે; અને તે બધાં કારણને પ્રત્યે વર્તવાનો માર્ગ તે અમુક અંશે પરતંત્ર દેખાય છે. એટલે સમાન ઉદાસીનતા આવી જાય છે.

જ્ઞાનીના માર્ગનો વિચાર કરતાં જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ-અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્ચ્છા નથી વર્તતી. તે પુરુષને નમસ્કાર છે. એ જ વાત ચિંતવી રાખવી અમને તમને પ્રત્યેકને ઘટે છે.

દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, અર્થાત્ દેહ નથી.

વિચાર કરતાં એ વાત પ્રગટ અનુભવસિદ્ધ થાય છે, તો પછી એ ભિન્ન દેહનાં તેના સ્વાભાવિક ક્ષય-વૃદ્ધિ-રૂપાદિ પરિણામ જોઈ હર્ષ-શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી; અને અમને તમને તે નિર્ધાર કરવો, રાખવો ઘટે છે, અને એ જ્ઞાનીના માર્ગનો મુખ્ય ધ્વનિ છે.

વેપારમાં કોઈ યાંત્રિક વેપાર સૂઝે તો હવેના કાળમાં કંઈ લાભ થવો સંભવે છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ–૨૦૧૨નું) શુલ્ક શ્રી લક્ષ્મીબેન ખીમજીભાઈ ગંગર, પાર્લા, મુંબઈ (મો.૯૮૨૦૩૬૫૬૮૩, ૦૨૨ ૬૧૬૧૫૯૧, ૦૯૯૮૭૩૬૫૨૨૩) નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**